RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 8 * Issue No. 82* Date: 18.01.2022 Tuesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

**'નાહિદ હસનની ઉમેદવારી પર અખિલેશ ઘેરાયા**

# સપાની માન્યતા ખત્મ કરવાની સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ

**પ્રત્યેક રાજનીતિક પક્ષ ૪૮ કલાકની અંદર ઇલેકટ્રોનિક પ્રિંટ અને સોશલ મીડિયામાં અપરાધિક મામલાને પ્રકાશિત કરે અને જેની પાર્ટી સુપ્રીમ કોર્ટના નિર્દેશોનું ભંગ કરે છે તે તેના અધ્યક્ષની વિરૂધ્ધ અવામાનનાનો મામલો દાખલ કરવામાં આવશ**



નવીદિલ્હી,તા.૧૭

સુપ્રીમ કોર્ટમાં વકીલ અશ્વિની ઉપાધ્યાય તરફથી સમાજવાદી પાર્ટીની માન્યતા ખતમ કરવાની માંગ કરતા અરજી દાખલ કરવામાં આવી છે. આ અરજીમાં કહેવામાં આવ્યું છે કે ચુંટણીમાં ઉમેદવાર નક્કી કરવાના મામલામાં સુપ્રીમ કોર્ટના આદેશનું સપાએ ભંગ કર્યો છે અને તેના માટે તેની માન્યતા ખતમ કરવામાં આવે.યુપીના કૈરાનાથી નાહિદ હસનને ઉતારી સપાએ સુપ્રીમ કોર્ટના નિર્દેશોનો ભંગ કર્યો છે આરોપ છે કે સપાએ તેમનો ક્રિમિનલ રેકોર્ડ પોતાના ટ્વિટર એકાઉન્ટ અને વેબસાઈટ પર જારી કર્યો ન હતો. આ ઉપરાંત ઈલેકટ્રોનિક પ્રિંટ મીડિયા અને સોશલ મીડિયામાં પણ કોઈ માહિતી આપવામાં આવી નથી એ યાદ રહે કે સમાજવાદી પાર્ટીએ પોતાની પહેલી યાદીમાં કૈરાનાથી ગેંગસ્ટર નાહિદને ચુંટણી મેદાનમાં ઉતાર્યા હતાં બીજી બાજુ નાહિદને યુપી પોલીસ દ્વારા ધરપકડ કર્યા બાદ સપાએ તેની ટિકીટ કાપી દીધી હતી અને નાહિદની બેનને ટીકીટ આપી છે.

અરજીમાં કહેવામાં આવ્યું છે કે ૧૩ જાન્યુઆરીએ સમાજવાદી પાર્ટીએ કુખ્યાત ગેંગસ્ટર નાહિદ હસને કૈરાનાથી મેદાનમાં ઉતાર્યા હતાં પરંતુ સુપ્રીમ કોર્ટના નિર્દેશ અનુસાર ૪૮ કલાકની અંદર ન તો તેમના અપરાધિક રેકોર્ડ.ને ઈલેકટ્રોનિક પ્રિંટ અને સોશલ મીડિયામાં પ્રકાશિત કર્યો અને ન તો તેમની પસંદગીના કારણ બતાવવામાં આવ્યા અરજીમાં સુપ્રીમ કોર્ટના નિર્દેશોનું ભંદ કરનાર રાજનીતિક પક્ષનું રજીસ્ટ્રેશન રદ કરવા માટે ચુંટણી પંચને નિર્દેશ આપવાની માંગ કરવામાં આવી છે.

વકીલ અશ્વિની ઉપાધ્યાય દ્વારા દાખલ અરજીમાં ચુંટણી પંચને એ સુનિશ્ચિત કરવાની પણ વિનંતી કરવામાં આવી છે કે પ્રત્યેક રાજનીતિક પક્ષ ૪૮ કલાકની અંદર ઈલેકટ્રોનિક પ્રિંટ અને સોશલ મીડિયામાં અપરાધિક મામલાને પ્રકાશિત કરે અને જેની પાર્ટી સુપ્રીમ કોર્ટના નિર્દેશોનું ભંગ કરે છે તે તેના અધ્યક્ષની વિરૂધ્ધ અવામાનનાનો મામલો દાખલ કરવામાં આવશે. હસન પર લગભગ ૧૧ મહીના પહેલા લગાવવામાં આવેલ ગેંગસ્ટર અવમાનના મામલા હિરાસતમાં છે.અને તે ઉત્તરપ્રદેશ ચુંટણીના પહેલા તબક્કામાં ઉમેદવારી પત્રક ભરનાર પહેલા ઉમેદવાર છે ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૧ના રોજ કૈરાનાથી બે વાર ધારાસભ્ય રહેલ નાહિદ હસન પર શામલી પોલીસે ગેંગસ્ટર એકટ લગાવવામાં આવ્યો હતો તેના પર અનેક અપરાધિક મામલા છે.

અરજીમાં કહેવામાં આવ્યું છે કે નાહિદ પર છેંતરપીડી અને જબરજસ્તી વસુલી સહિત અનેક અપરાધિક મામલા છે અને વિશેષ ધારાસભ્ય એમપી કોર્ટે તેમને ભાગેડું જાહેર કર્યા હતાં અરજીમાં કહેવામાં આવ્યું છે કે માન્યતા પ્રાપ્ત રાજનીતિક પક્ષ પણ ખુંખાર અપરાધિઓને ટીકીટ આપી રહ્યાં છે અને તેના માટે મતદારોને પોતાનો મત સ્વતંત્ર અને નિષ્પક્ષ રીતે નાખવાનું મુશ્કેલ લાગે છે જો કે નાહિદ હસનને યુપી પોલીસ તરફથી ધરપકડ કર્યા બાદ સપાએ તેમની ટિકિટ કાપી નાખી અને નાહિદ હસનની બેનને ટીકીટ આપી છે.

## દેશમાં ૨.૫૦ લાખથી વધુ કોરોનાનાં કેસ જોવા મળ્યા

નવીદિલ્હી,તા.૧૭

દેશમાં કોરોનાનાં કેસમાં થોડો ઘટાડો થયો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન દેશમાં કોરોનાનાં ૨,૫૮,૦૮૯ કેસ નોંધાયા છે. ગઈકાલની સરખામણીમાં દૈનિક કેસોમાં ૪ ટકાનો ઘટાડો નોંધાયો છે. ગઈકાલે દેશમાં કોરોનાનાં ૨,૭૧,૨૦૨ કેસ નોંધાયા હતા. આ સાથે, છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ઓમિક્રોન કેસની કુલ સંખ્યા વધીને ૮,૨૦૯ થઈ ગઈ છે. ગઈકાલની સરખામણીમાં ઓમિક્રોનનાં કેસોમાં ૬.૦૨ ટકાનો વધારો થયો છે. કોરોનાનાં કારણે છેલ્લા ૨૪ કલાકમાં ૩૮૫ મોત પણ નોંધાયા છે. જો કે દેશમાં સક્રિય કેસોની સંખ્યા સતત વધી રહી છે. દેશમાં સક્રિય કેસ વધીને ૧૬,૫૬,૩૪૧ થઈ ગયા છે, જ્યારે એક દિવસ પહેલા દેશમાં માત્ર ૧૫,૫૦,૩૭૭ એક્ટિવ કેસ હતા. દેશમાં એક્ટિવ કેસ હાલમાં કુલ કેસનાં ૪.૪૩ ટકા છે, જ્યારે છેલ્લા કેટલાક દિવસોથી રિકવરી રેટ સતત ઘટી રહ્યો છે, હાલમાં તે ઘટીને ૯૪.૨૭ ટકા પર આવી ગયો છે.

કોરોના સંક્રમણની વચ્ચે સૌથી સારી બાબત એ છે કે લોકો ઝડપથી સાજા થઈ રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧,૫૧,૭૪૦ લોકો સાજા થયા છે, જે બાદ સાજા થનારા લોકોની કુલ સંખ્યા વધીને ૩,૫૨,૩૭,૪૬૧ થઈ ગઈ છે. ઉપરાંત, દેશમાં દૈનિક પોઝિટિવિટી રેટ વધીને ૧૯.૬૫ ટકા થયો છે, જ્યારે સાપ્તાહિક પોઝિટિવિટી રેટ વધીને ૧૪.૪૧ થયો છે. દેશમાં અત્યાર સુધીમાં ૧૫૭.૨૦ કરોડ રસીનાં ડોઝ આપવામાં આવ્યા છે, જ્યારે અત્યાર સુધીમાં કુલ ૭૦.૩૭ કરોડ ટેસ્ટ કરવામાં આવ્યા છે. તેમાંથી છેલ્લા ૨૪ કલાકમાં ૧૩,૧૩,૪૪૪ તપાસ કરવામાં આવી છે.

## ભારતનો વિકાસ કેટલાક મોટા સેક્ટર પૂરતો સીમિત, વિશ્વ બેંકના પૂર્વ મુખ્ય અર્થશાસ્ત્રીએ ચિંતા વ્યકત કરી

નવીદિલ્હી,તા.૧૭

ભારતની મેક્રોઈકોનોમિક સ્થિતિ સુધારા પર છે પણ વિકાસ કેટલાક મોટા સેક્ટર અને અને ઉદ્યોગો સુધી જ સિમીત છે તેમ વિશ્વ બેંકના પૂર્વ મુખ્ય અર્થશાસ્ત્રી કૌશિક બાસુએ જણાવ્યું છે.ગયા મહિને રીટેલ ફુગાવામાં જોવા મળેલા વધારા અંગે ચિંતા વ્યક્ત કરતા તેમણે જણાવ્યું હતું કે ભારત સ્ટેગફલેશન(ગતિહીનસ્ફીતિ)નો સામનો કરી રહ્યું છે. આ સ્થિતિમાંથી બહાર નીકળવા માટે ખૂબ જ સાવચેતીપૂર્વકના હસ્તક્ષેપની જરૂર છે. સ્ટેગફલેશનમાં ફુગાવો અને બેકારીનો દર ઉંચો હોય છે. ઉલ્લેખનીય છે કે બાસુ અગાઉની યુપીએ સરકારમાં મુખ્ય આર્થિક સલાહકાર હતાં. હાલમાં તેઓ અમેરિકાની કોર્નેલ યુનિવર્સિટીમાં અર્થશાસ્ત્રના પ્રોફેસર છે. તેમણે જણાવ્યું હતું કે સમગ્ર અર્થશાસ્ત્ર વધી રહ્યું છે પણ દેશનો નીચલો અડધો હિસ્સો મંદીમાં છે. છેલ્લા કેટલાક વર્ષોમાં દેશની નીતિ કેટલાક મોટા ઉદ્યોગો પર કેન્દ્રીત રહી છે જે દુઃખની વાત છે. દેશમાં યુવાન બેકારીનો દર કોરોના મહામારી પહેલા જ ૨૩ ટકાએ પહોંચી ગયો હતો.

જે વિશ્વમાં સૌથી વધારે છે. શ્રમિકો, ખેડૂતો અને નાના વેપારીઓ માટે નકારાત્મક વૃદ્ધિ જોવા મળે છે. ૨૦૨૧-૨૨માં ભારતનો જીડીપી ૯.૨ ટકા રહેવાનો અંદાજ છે. મહામારીને કારણે ૨૦૧૯-૨૦માં ભારતના જીડીપીમાં ૭.૩ ટકાનો ઘટાડો નોંધવામાં આવ્યો હતો. આ સ્થિતિમાં છેલ્લા બે વર્ષનો સરેરાશ વૃદ્ધિ દર ૦.૬ ટકા રહેશે. આ સ્થિતિમાં સૌથી મોટો પડકાર રોજગારી સર્જન અને નાના વેપારીઓને મદદ કરવાનો છે. આપણે રોજગારીનું સર્જન કરવું પડશે અને ઉત્પાદન પણ વધારવું પડશે.

## દિલ્હી અને યુપી સહિત સાત રાજયોમાં શીત લહેર જારી રહેશે

,નવીદિલ્હી,તા.૧૭

ઉત્તર ભારત હાલના દિવસોમાં ઠંડીના પ્રકોપમાં છે ગત કેટલાક દિવસોથી દિલ્હી પંજાબ હરિયાણા અને યુપીના કેટલાક વિસ્તારોમાં ઠંડીમાં વધારો થયો છે ઠંડીની અસર એ રીતે થઇ છે કે લોકો પોતાના ઘરોમાં રહેવાનું પસંદ કરે છે બેકાબુ થતી ઠંડી વચ્ચે હવમાન વિભાગે રાહતના સમાચાર આપ્યા છે.હવામાન વિભાગનું માનવામાં આવે તો આગામી કેટલાક દિવસ ઠંડીમાં ઘટાડો થવાની સંભાવના છે.

આજે સવારે ઉત્તર ભારતીય વિસ્તારોમાં સવારથી જ ભારે ઠંડી રહી હતી આ સિલસિલો આગામી કેટલાક દિવસો ચાલુ રહેશે.આજે સવારે પાટનગર દિલ્હીમાં ન્યુનતમ તાપમાન સામાન્યથી બે ડિગ્રી વધુ ૮.૭ ડિગ્રી સેલ્સિયસ નોંધાયુ હતું શહેરમાં અનેક સ્થાનો પર દિવસે પણ શીત લહેર રહી હતી ફકત દિલ્હી જ નહીં ઉત્તર ભારતના રાજયો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં પણ ભારે ઠંડી પડી રહી છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી બે દિવસો દરમિયાન પંજાબ હરિયાણા ચંડીગઢ ઉત્તરપ્રદેશ મધ્યપ્રદેશ રાજસ્થાન અને કેન્દ્ર શાસિત પ્રદેશ દિલ્હીના કેટલાક વિસ્તારમાં ઠંડીમાં થોડીક રાહત મળે તેવી સંભાવના છે હવામાન વિભાગના જણાવ્યા અનુસાર નવા સક્રિય પશ્ચિમી વિક્ષોભને કારણે ૨૧ જાન્યુઆરીથી ઉત્તર પશ્ચિમી ભારતમાં ઠંડી પ્રભાવિત કરી શકે છે.

# પંડિત બિરજુ મહારાજનું ૮૩ વર્ષની વયે નિધન થયું



,નવીદિલ્હી,તા.૧૭

બિરજુ મહારાજનો જન્મ ૪ ફેબ્રુઆરી ૧૯૩૮ના રોજ લખનૌમાં થયો હતો. તેમનું સાચું નામ પંડિત બ્રીજમોહન મિશ્રા હતું. કથક નૃત્યાંગના ઉપરાંત તેઓ શાસ્ત્રીય ગાયક પણ હતા. બિરજુ મહારાજના પિતા અને ગુરુ અચ્છન મહારાજ, કાકા શંભુ મહારાજ અને લચ્છુ મહારાજ પણ પ્રખ્યાત કથક ડાન્સર હતા. બિરજુ મહારાજને ૧૯૮૩માં પદ્મ વિભૂષણથી નવાજવામાં આવ્યા હતા. આ સાથે તેમને સંગીત નાટક અકાદમી પુરસ્કાર અને કાલિદાસ સન્માન પણ મળી ચૂકયા છે. બનારસ હિંદુ યુનિવર્સિટી અને ખૈરાગઢ યુનિવર્સિટીએ પણ બિરજુ મહારાજને માનદ ડોક્ટરેટની પદવી એનાયત કરી હતી. ૨૦૧૨ માં તેમને વિશ્વરૂપમ ફિલ્મમાં ડાન્સ કોરિયોગ્રાફી માટે રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. ૨૦૧૬ માં, બાજીરાવ મસ્તાનીની મોહે રંગ દો લાલ' માં તેની કોરિયોગ્રાફી માટે ફિલ્મફેર એવોર્ડ મળ્યો હતો. બિરજુ મહારાજે દેવદાસ, દેઢ ઈશ્કિયા, ઉમરાવ જાન અને બાજી રાવ મસ્તાની જેવી ફિલ્મો માટે ડાન્સ કોરિયોગ્રાફ કર્યો હતો. આ સિવાય તેણે સત્યજીત રેની ફિલ્મ 'શતરંજ કે ખિલાડી'માં પણ મ્યુઝિક આપ્યું હતું.જાણીતા કથ્થક ડાન્સર પંડિત બિરજુ મહારાજનું નિધન થયું છે. પદ્મ વિભૂષણ પુરસ્કાર વિજેતા બિરજુ મહારાજ ૮૩, એ રવિવાર અને સોમવારની વચ્ચેની રાત્રે અંતિમ શ્વાસ લીધા. તેમના પૌત્ર સ્વરાંશ મિશ્રાએ સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા આ અંગેની માહિતી આપી હતી. બિરજુ મહારાજની તસવીર પોસ્ટ કરતા તેમણે લખ્યું, 'અત્યંત દુખ સાથે જણાવવામાં આવે છે કે અમારા પરિવારના સૌથી પ્રિય સભ્યનું બિરજુ મહારાજનું ૧૭ જાન્યુઆરીએ દુઃખદ અને અકાળે અવસાન થયું છે.'સિંગર અદનાન સામીએ પણ સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા તેમને શ્રદ્ધાંજલિ આપી છે.

પંડિત બિરજુ મહારાજ રવિવાર અને સોમવારની વચ્ચેની રાત્રે લગભગ ૧૨:૦૦ વાગ્યા સુધી તેમના પૌત્રો સાથે અંતાક્ષરી રમતા હતા. અંતાક્ષરી રમતી વખતે અચાનક તેની તબિયત લથડી અને તે બેહોશ થઈ ગયા હતા. તેને દિલ્હીની સાકેત હોસ્પિટલમાં લઈ જવામાં આવતા જ્યાં તેને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. પંડિત બિરજુ મહારાજને થોડા દિવસો પહેલા કિડનીની બીમારી હોવાનું નિદાન થયું હતું. તેઓ ડાયાલિસિસ પર હતા પરંતુ ગઈકાલે રાત્રે અચાનક તેમની તબિયત લથડી અને તેમનું અવસાન થયું હતું. ભારતીય લોક ગાયિકા માલિની અવસ્થીએ પણ બિરજુ મહારાજના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. તેણે ટ્વિટર પર લખ્યું, 'આજે ભારતીય સંગીતની લય બંધ થઈ ગઈ છે. અવાજો શાંત થઈ ગયા. ભાવ ઘટીને શૂન્ય થઈ ગયા. કથકના સરતાજ પંડિત બિરજુ મહારાજ હવે નથી રહ્યા. લખનૌની દેવધી આજે નિર્જન બની ગઈ હતી. કાલિકાબિંદાદિન જીની ભવ્ય પરંપરાની સુવાસ સમગ્ર વિશ્વમાં ફેલાવનાર મહારાજ જી અનંતમાં વિલીન થઈ ગયા. આ એક ન ભરી શકાય તેવી ખોટ છે.

## દેશમાં બેક્રિંગ કે નાણાંકીય ક્ષેત્રે સરકાર લાવી કોમન કેવાયસી સિસ્ટમ

નવીદિલ્હી,તા.૧૭

કોમન કેવાયસીથી ઈક્વિટી ટ્રેડિંગ અને બેક્રિંગ સાથે સંકળાયેલી તમામ નાણાકીય સંસ્થાઓ તેમજ તેમની સાથે સંકળાયેલા ગ્રાહકોને ફાયદો થશે. કોમન કેવાયસી માટે એક શેર કરેલ પોર્ટલ હોવાને કારણે ગ્રાહકે આ પોર્ટલ પર કેવાયસી રજીસ્ટર કર્યા પછી વારંવાર વિવિધ સંસ્થાઓમાં દસ્તાવેજો સબમિટ કરવા પડશે નહી. આનાથી તેમનો સમય બચશે. બીજી તરફ નાણાકીય સંસ્થાઓને પણ ફાયદો થશે. તેઓ કોમન કેવાયસી પોર્ટલ પરથી તેમની સાથે જોડાવા જઈ રહેલા ગ્રાહકો વિશેની તમામ માહિતી તરત જ મેળવી લેશે. આનાથી તેમનો સમય અને શ્રમ બચશે અને સેવાઓ પુરી પાડવામાં ઝડપ આવશે. સામાન્ય માણસને કોમન કેવાયસીથી ફાયદો થશે કે તે ઈક્વિટી ટ્રેડિંગ અને બેક્રિંગ સંસ્થાઓમાં ઝડપથી જોડાઈ શકશે. અત્યારે વિવિધ સંસ્થાઓમાં જોડાવા માટે દર વખતે દ્બરૂઝ કરવું પડે છે. કેટલીક સંસ્થાઓ આમાં ઘણો સમય બગાડે છે. આનાથી નવા ગ્રાહકને રાહ જોવી પડે છે. વિલંબને કારણે ઘણી વખત ઘણા લોકો સંસ્થામાં જોડાવાનો નિર્ણય બદલી નાખે છે. સામાન્ય KYC રાખવાથી ઈક્વિટી, ટ્રેડિંગ અને બેંકિંગ સાથે સંકળાયેલી તમામ નાણાકીય સંસ્થાઓને શક્ય તેટલા નવા લોકોને ઉમેરવાની સુવિધા પણ મળશે. વાણિજય પ્રધાન પીયૂષ ગોયલ પણ માને છે કે સિંગલ વિન્ડો દ્બરૂઝ સિસ્ટમ હોવાને કારણે નાણાકીય સંસ્થાઓને વધુ ગ્રાહકો મેળવવામાં મદદ મળશે. આનાથી બેંક ખાતું ખોલવું, શેરબજારમાં ટ્રેડિંગ શરૂ કરવું અને ક્રેડિટ કાર્ડ મેળવવું સરળ બનશે. વધુ રોકાણકારો અને સામાન્ય લોકો સ્ટોક એક્સચેન્જ અને બેક્રિંગ સેક્ટરમાં જોડાશે.કેવાયસી એટલે કે નો યોર કસ્ટમર. બેંકિન્સ સેવાઓથી લઈને વિવિધ પ્રકારની નાણાકીય સેવાઓ સુધી વ્યક્તિગતની ઓળખ માટે કેવાયસી ફરજિયાત છે. જો બેંક કોઈનું સરનામુ ચકાસવા માંગે છે, તો આ માટે કેવાયસી જરૂરી છે. તમારે ફોનનું સિમ મેળવવું હોય કે પછી બેંક-પોસ્ટ ઓફિસમાં સ્કીમ શરૂ કરવી હોય, ભલે તમે મ્યુચ્યુઅલ ફંડ શરૂ કરવા માંગતા હોવ, તમારે કેવાયસી કરાવવું પડશે. જો તમે આ સેવાઓનો સહારો લીધો હશે તો તમને ખબર પડશે કે કેવાયસી કેટલું મહત્વનું. હવે આ સમસ્યા દૂર થવા જઈ રહી છે કારણ કે સરકાર વન નેશન-વન કેવાયસી શરૂ કરવા જઈ રહી છે. તે સિંગલ વિન્ડો સિસ્ટમ દ્વારા ગ્રાહકની કેવાયસી માહિતી મેળવશે.

## આગામી વિધાનસભા ચુંટણીની અસર રાષ્ટ્રપતિ ચુંટણીથી લઇ રાજયસભા ચુંટણી સુધી જોવા મળશે

નવીદિલ્હી,તા.૧૭

૧૦ માર્ચે ઉત્તરપ્રદેશ પંજાબ ઉત્તરાખંડ ગોવા અને મણિપુરની ચુંટણી પરિણામ આવતા જ ૨૦૨૪ના મહાસંગ્રામ માટે અટકળોનું બજાર ગરમ થઇ જશે આ સ્વાભાવિક પણ છે કારણ કે ઉત્તરપ્રદેશની ચુંટણી હંમેશાથી સામાન્ય ચુંટણીની સેમીફાઇનલની જેમ જ જોવામાં આવે છે સતત બીજીવાર કેન્દ્રમાં બહુમતિની મોદી સરકાર બની તો તેનું એક માત્ર કારણ ઉત્તરપ્રદેશનો જનમત જ છે.આ વખતે યોજાનાર પાંચ રાજયોની ચુંટણીનું મહત્વ વધુ મહત્વપૂર્ણ બની જશે.એક તરફ જયાં પાંચ રાજયોની ચુંટણીમાં ભાજપની સામે વર્ચસ્વ બચાવી રાખવાનો પડકાર રહેશે તો બીજી તરફ પંજાબના સહારે કોંગ્રેસની સમક્ષ ઉકત પોતાનુંા રાજનીતિક અસ્તિત્વ બચાવવાનું સંકટ છે

ગત કેટલાક મહીનાથી કેન્દ્રની રાજનીતિમાં ભાજપ વિરોધી એક મોટુ જુથ ઉભુ કરવાની પુરી મહેનતકશ થઇ રહ્યું છે.પશ્ચિમ બંગાળની જીત બાદ ટીએમસીએ એક તરીતે ખુદને કોંગ્રેસની સરખામણીએ વિરોધી પક્ષનું નેતૃત્વ કરવાની જાહેરાત કરી ચુકી છે કોંગ્રેસ અને ટીએમસીની ખેંચતાણ હાલમાં સંસદમાં પણ જોવી મળી હતી. ગોલામાં તેની જાહેરાત ત્યારે થઇ જયારે કોંગ્રેસના નેતાઓને જ તોડી ટીએમસીએ પોતાના મહગત્વાકાંક્ષાને સાધવાની ઇચ્છા વ્યકત કરી દીધી જયારે એનસીપીના નેતા શરગ પવારે ફરીથી તે કર્યું જેના માટે તે જાણિતા છે.મધ્યસ્થના રૂપમાં તે નેતા જ બને છે તેમણે ફરીથી ચુંટણી રાજયોમાં કોંગ્રેસની સાથે વિપક્ષી દળોના ગઠબંધનના પ્રસ્તાવ બજારમાં ઉછાળી દીધો છે. સંકટ કોંગ્રેસ માટે છે કે તે વિરોધ પક્ષોની એકતામાં કુઠારાધાતની દોષી છે.

## તંત્રી સ્થાનેથી...

# ચૂંટણી પહેલા પીએમ-સીએમ વચ્ચે સંબંધો સરળ કેમ રહેતા જ નથી?

*પશ્ચિમ બંગાળની ચૂંટણી સમયે એક મહત્વનો વિવાદ થયો કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને સીએમ મમતા બેનરજી વચ્ચે વહીવટી સુગમતા નથી, અને પરિણામ ભાજપ માટે નિરાશાજનક રહ્યા હતા. એટલે જ્યારે સીએમ યોગી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચે વહીવટી સુગમતા ન હોવાની વાત આવી એ સમયમાં પીએમ મોદી એ સીએમ યોગીના ખભા ઉપર હાથ મુક્યો અને એ ફોટો વાયરલ કરવામાં આવ્યો, પણ ઉત્તર પ્રદેશમાં ચૂંટણી જાહેર થવાના ત્રણ મહિના અગાઉ પીએમ મોદી અને સીએમ યોગી વચ્ચે એક લાંબી મિટિંગ થઈ ત્યારે કોઈ ખાસ તસવીર વાઈરલ થઈ નહિ, કેમ કે તે વખતે ભાજપ અને પીએમ મોદીની ઈચ્છા એ હતી કે, યુપી મંત્રીમંડળના વિસ્તરણ સાથે કેટલાક પોતાના અને કહેવાતા યોગી વિરોધીઓને સમાવવાની વાત હતી. એ સમયની એ વાત આજે સાચી સાબિત થઈ રહી છે અને સીએમ યોગીએ મંત્રીમંડળમાં નવા કોઈને સમાવ્યા કે કાઢયા પણ નહીં. હવે આજે ભાજપ સાથે સરકારમાં રહેલ મંત્રીઓ અને ધારાસભ્યો યોગી સરકાર સાથે છેડો ફાડી તેમની સામે લડવા તૈયાર થઈ ગયા છે. અને કદાચ જો ચાર મહિના પહેલા મંત્રીમંડળમાં કેટલાક નેતાઓને સમાવીને તેમને સમજાવી લેવાયા હોત તો આ સ્થિતિ યુપીમાં ન પણ થઈ હોત.*

*આ સ્થિતિમાં કદાચ ભાજપના વોટશેરને ખાસ કોઈ ફરક પડતો ન હોય તેમ ન્યૂઝની તમામ ટીવી ચેનલો જણાવી રહી છે અને એબીપીના સાપ્તાહિક સર્વેમાં પણ ભાજપને મળનાર - કાલ્પનિક મતની ટકાવારીમાં કોઈ તફાવત નથી આવ્યો એ એકમાત્ર પુરાવો સાચો હોય તો સીએમ યોગી અયોધ્યા બેઠક પરથી ચૂંટણી લડશે એવી ખોટી વાત કયા કારણોસર ફેલાવવામાં આવી હતી. જે દિવસે ભાજપના યુપીના ઉમેદવારોના નામની જાહેરાત કરાઇ એ પહેલી યાદીમાં જ સીએમ યોગી ગોરખપુરથી ચૂંટણી લડશે તેમ જાહેર કરવામાં આવ્યું છે. આમ બીજા જ દિવસે ચોવીસ કલાકથી ઓછા સમયમાં જ આ ફેરફાર જાહેર થાય એ વાતમાં સીધુ નુકસાન વ્યકિતગત યોગીને જ થાય એ પ્રકારનો ખોટો પ્રચાર આજે તો તેમણે અટકાવી દીધો છે. એ ખોટા પ્રચારમાં એમ પણ કહેવાયું કે, યોગીના અયોધ્યાથી ચૂંટણી લડવાને કારણે સમગ્ર અવધ વિસ્તારની સોથી વધુ બેઠકોમાં ફાયદો થશે, પણ હવે યોગી ગોરખપુરથી ચૂંટણી લડવાના હોવાથી પુર્વાન્ચલની સોથી વધુ બેઠકો ઉપર ફાયદો થશે એમ કહેવાય છે. પણ રાજકીય સત્ય તો એ છે કે યોગી સીએમ પદ પર આજે પણ સલામત છે અને તેમના નેતૃત્વમાં વિધાનસભા ચૂંટણી લડવામાં આવી રહી છે એટલે એમના નામનો પ્રભાવ તો દરેક બેઠક પર જોવા મળવાનો જ છે. બહુમતી મળે તો હકારાત્મક અને ન મળે તો નકારાત્મક અસર કહેવાશે. તો પછી અવધ અને પુર્વાન્ચલ વિસ્તારમાં અલગ અલગ અસર શા માટે જાહેર કરવામાં આવી રહી છે!*

*ઉત્તર પ્રદેશ સૌથી મોટુ રાજ્ય છે, સૌથી વધુ રાજકીય બેઠકો છે અને સૌથી વધુ વસ્તી સાથે દેશમાં તે પ્રદેશના લોકો ફેલાયેલા હોવાનો લાભ દરેક સત્તા પક્ષને હંમેશા થતો આવ્યો છે, એટલે જ હંમેશા ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણીને લોકસભાની ચૂંટણી સાથે પણ જોડવામાં આવે છે. પરંતુ એ વાત ભુલવાડવામાં આવે છે કે, અગાઉ બસપા અને સમાજવાદી પાર્ટી પણ યુપીમાં સત્તામાં આવી એ સમયે તેમનું રાષ્ટ્રવ્યાપી વજૂદ ઉભુ થયું નથી. અને ભાજપએ લગભગ કોઈ જગ્યાએ વહેલી ચૂંટણી કરાવ્યાની વાત અમલમાં મૂકી નથી પણ જ્યારે કોઈ બીજા રાજ્યોમાં ભાજપ તરફી વાતાવરણ હોય ત્યારે અન્ય રાજ્યોમાં પણ વહેલી ચૂંટણી માટે રાજકીય ચર્ચા શરૂ કરવામાં આવે જ છે. કે જેથી કાર્યકરો એડવાન્સ તૈયારી શરૂ કરી દે અને દાવેદારો ટોચના નેતાઓ સાથે સંપર્ક વધારી દે એ ફાયદા સાથે દાવેદારો લોકસંપર્ક કરી લોકહિતના કાર્યો માટે સક્રિય થાય એનો સીધો ફાયદો અંતે પક્ષ ભાજપને જ થાય છે. આ સફળ રાજકીય વિચાર સાથે ગુજરાતમાં પણ વહેલી ચૂંટણી માટે વાતો વહેતી થઈ ગઈ છે.*

# માનવ જીવનમાં તમામ સમસ્યાઓનું કારણ મન છે.

માનવ જીવનમાં તમામ સમસ્યાઓ..દુ:ખો અને તકલીફોનું પ્રમુખ કારણ મન છે,કારણ કે:મનુષ?યની તમામ ઇન્દ્રિયોમાં મન જ મુખ્ય છે.આમ તો કર્મ કરવા માટે પાંચ કર્મેન્દ્રિયો(હાથ..પગ..મુખ..ગુદા અને ઉપસ્થ) તથા કોઇ પણ જાણકારી મેળવવા પાંચ જ્ઞાનેન્દ્રિયો(આંખ..કાન..નાક..જીભ અને ત્વચા) આપવામાં આવેલ છે,પરંતુ કોઇપણ કર્મેન્દ્રિય કે જ્ઞાનેન્દ્રિય મનના આદેશ વિના કામ કરી શકતી નથી.ક્યારેક એવું બને છે કે:કોઇ વ્યક્તિ અમારી નજરની સામે જ પસાર થાય તેમછતાં અમે તેને જોઇ શકતા નથી..કોઇ વ્યક્તિ અમોને બોલાવે છે તેમ છતાં અમે સાંભળતા નથી,ત્યારે અમોને પૂછવામાં આવે તો અમો કહીએ છીએ કે મેં તે વ્યક્તિને જોયો જ નથી કે મેં તેની બૂમ સાંભળી જ નથી.આનું કારણ એ છે કે: આંખો દ્વારા જોવા છતાં તથા કાનો દ્વારા સાંભળવા છતાં અમારૂં ધ્યાન અન્યત્ર હોવાના કારણે જોઇ કે સાંભળી શકતા નથી.આનો અર્થ એ થયો કે:મન જ જુવે છે અને મન જ સાંભળે છે,ઇન્દ્રિયો તો નિમિત્તમાત્ર છે.માનવ શરીરમાં મન જ સમ્રાટ છે.શરીરના તમામ અવયવો મનના ઇશારે જ કામ કરે છે.

એકવાર એક વ્યક્તિ પૂજા કરી રહ્યો હતો..તેના હાથમાં માળા ફરી રહી હતી..જીભથી પ્રભુ નામનો જપ થઇ રહ્યો હતો,તેની બિલ્કુલ સામે તેના ફાટેલા બૂટ પડ્યા હતા,રસોડામાં તેની પૂત્રી રસોઇ બનાવી રહી હતી કે જે બ્રહ્મજ્ઞાની હતી,તે જ સમયે તેના પિતાશ્રીને મળવા કોઇ આગંતુક આવે છે અને તેના પિતાશ્રીના વિશે પૂછતાં પૂત્રીએ જવાબ આપ?યો કે: મારા પિતાશ્રી તો ઘેર નથી તેઓ મોચીને ત્યાં તેમના ફાટેલા બૂટ રીપેર કરાવવા માટે ગયા છે,તે આગંતુકના ગયા બાદ પૂજા પુરી થતાં તેના પિતાશ્રી ગુસ્સામાં આવી પૂત્રીને કહે છે કે: તૂં જુઠું કેમ બોલી? હું તો પૂજાખંડમાં પૂજા કરી રહ્યો હતો.પૂત્રીએ નમ્રતાપૂર્વક જવાબ આપ?યો કે: પિતાશ્રી ! આપનું શરીર ભલે પૂજાખંડમાં હતું પરંતુ આપનું મન ફાટી ગયેલા બૂટને રીપેર કરાવવા મોચીને ત્યાં ગયું હતું તો પછી હું જુઠું ક્યાં બોલી ! એટલે જ કબીરજીએ લખ્યું છે કે: માલા તો કરમેં ફિરે..જીભ ફિરે મુખ માંહી,મનુઆ તો દશો દિશામેં ફિરે..યહ તો સુમિરણ નાહી.



મનનો સ્વભાવ છે: અવગુણોની તરફ દોડવું..કોઇની નિન્દા કરવાની હોય..કોઇને નુકશાન થાય તેવી યોજના બનાવવાની હોય..વ્યભિચારની વાતો થતી હોય ત્યાં મન ઘણું જ રસપૂર્વક સાંભળતું હોય છે, એટલે જ તો લોકો પોતાની પ્રસંશા કરવામાં અને સાંભળવામાં..બીજાના અવગુણોની ચર્ચા કરવામાં..ગપ?પાં મારવામાં..પોતાની મહત્તા વધારવામાં વ્યસ્ત જોવા મળે છે,પરંતુ જો સત્સંગમાં જવાનું હોય,પ્રભુની ચર્ચા કરવાની હોય તો તેમની પાસે સમય હોતો નથી.મનની આ જ મૂઢતા છે કે પ્રભુ ભક્તિને છોડીને અસ્થાયી અને નિમ્ન કોટીના કામોમાં આનંદ પ્રાપ?ત કરવા ઇચ્છે છે.મન જ પ્રાણીઓના ભવિષ?યનું નિર્માણ કરે છે. મૃત્યુના સમયે મન જેમાં લાગે છે તેવી જ ગતિ થાય છે.સારૂં કર્મ હોય કે ખરાબ કર્મ હોય..જેમાં મન લાગી જાય છે તે બંધનનું કારણ બને છે.જો મનને વશ કરી લેવામાં આવે તો વ્યક્તિ બંધનમુક્ત થઇ જાય છે..એટલે કે મોક્ષને પ્રાપ?ત થઇ શકે છે તેના માટે ક્ષોત્રિય બ્રહ્મનિષ?ઠ સદગુરૂ પરમાત્માના ચરણકમળમાં ધ્યાન લગાવવાની આવશ્યકતા છે.મન ક્યારેક શાંત તો ક્યારેક અશાંત રહે છે. પરિસ્થિતિ અનુકૂળ અને પ્રતિકૂળ બંન્ને અસ્થાયી છે.જે અનુકૂળતાની રાહ જુવે છે તે સામાન્ય માનવ કહેવાય છે.જે પ્રતિકૂળતાને અનુકૂળ બનાવવાની હિંમત રાખે છે તે મહાન કહેવાય છે.ક્ષણભંગુર જીવનમાં અનુકૂળતા આવવાની રાહ જોયા વિના જે પ્રાપ?ત થયેલ છે તેનો ઉપયોગ કરવો પડતો હોય છે અને આવી જ રીતે જીવનચક્ર ચાલતું રહે છે.અમે જ્યાં સુધી જાગીએ છીએ ત્યાં સુધી લગભગ દોડતા જ રહીએ છીએ.દુનિયાના તમામ માનવો ભૌતિક પદાર્થો ભેગા કરવાની પ્રતિયોગિતામાં દોડી રહ્યા છે,તેમની દ્ષ?ટ્રિ પોતાનાથી આગળ વધી રહેલાઓની ઉપર હોય છે અને તેઓ વિચારતા હોય છે કે:હું તેનાથી કેવી રીતે આગળ નીકળું...?

મન અને આત્મા જીવનરૂપી વૃક્ષ ઉપર બેઠેલા બે પક્ષીઓ છે.તફાવત એટલો છે કે મન ફળ ખાવાની ઇચ્છા રાખ્યા કરે છે અને આત્મા ફળની ઇચ્છાથી રહીત હોય છે.આત્માની ઇચ્છા છે: પરમાત્મા કે જે આત્માનું મૂળ સ્વરૂપ છે.આત્મા પરમાત્માની સાથે જોડાઇ જાય તો પરમ શાંત થઇ જાય છે. ઉપનિષદમાં કહેવામાં આવ્યું છે કે મન એવમ મનુષ?યાણામ બંધન કારણ મોક્ષયો. મન જ અમારા બંધન અને મોક્ષનું કારણ છે.આ સિવાય અમારા જીવનમાં સફળતા અને નિષ?ફળતાઓમાં પણ અમારૂં મનોબળનું મહત્વપૂર્ણ યોગદાન હોય છે.મનમાં ઉત્સાહ હોય તો કઠીન કાર્ય પણ સુગમતાપૂર્વક સંપન્ન થાય છે,પરંતુ ઉત્સાહહીન અધૂરા મનથી કરેલ કાર્યમાં અસફળતા જ મળે છે,એટલે વિજય-પરાજયનું કારણ પણ અમારૂં મનોબળ છે.

મનને વારંવાર ધ્યેયમાં લગાડવાને અભ્યાસ કહે છે.આ અભ્યાસની સિદ્ધિ નિરંતર સમય આપવાથી થાય છે.સમય પણ નિરંતર કાઢવો જોઇએ,દરરોજ કાઢવો જોઇએ.ક્યારેક અભ્યાસ કર્યો અને ક્યારેક ન કર્યો, આમ ન કરવું.અભ્યાસના બે પ્રકાર છે.પોતાનું જે લક્ષ?ય કે ધ્યેય છે તેમાં મનોવૃત્તિ લગાડવી અને બીજી વૃત્તિ આવી જાય એટલે કે બીજું ચિન્તન આવી જાય તેની ઉપેક્ષા કરી દેવી તેનાથી ઉદાસીન થઇ જવું, જ્યાં જ્યાં મન ચાલ્યું જાય ત્યાં ત્યાં પોતાના લક્ષ?ય પરમાત્માને જ જોવા.અભ્યાસની અંદર સ્વાધ્યાય,ધ્યાન,સેવા, સુમિરણ,સત્સંગ..વગેરે સાધન આવે છે.ધાર્મિક સદગ્રંન્થોનું અધ્યયન કરવું તથા ચિંતન-મનન કરવાનો અભ્યાસ કરવો.ત્યારબાદ તે અનુસાર ધ્યાન કરવાનો તથા નામ સુમિરણ કરવાનો અભ્યાસ કરવો.મનની પ્રવૃત્તિ વિષયોન્મુખ હોય છે તેથી મનને વિષયોમાંથી હટાવીને ઇશ્વરોન્મુખ કરવું.મનને પરમાત્મામાં લગાડવું એ અભ્યાસ છે. "અભ્યાસની સહાય માટે વૈરાગ્યની જરૂર છે કારણ કે સંસારના ભોગોથી જેટલો રાગ દૂર થશે તેટલું જ મન પરમાત્મામાં લાગશે. જેવી રીતે ઢીમર(માછીમાર) માછલીઓને પકડવા માટે નદીમાં જાળ નાખે છે, તો જાળની અંદર આવવાવાળી તમામ માછલીઓ પકડાઇ જાય છે પરંતુ જે માછલી જાળ નાખવાવાળા માછીમારના ચરણોની પાસે આવી જાય છે તે પકડાતી નથી, તેવી જ રીતે ભગવાનની માયા(સંસાર)માં મમતા કરીને જીવો ફસાઇ જાય છે અને જન?મ-મરણના ચક્કરમાં ફરતા રહે છે પરંતુ જે જીવો માયાપતિ પરમાત?માને જાણીને,માનીને તેમના શરણમાં આવી જાય છે તેઓ માયાને તરી જાય છે.

સંકલન:સુમિત્રાબેન દાદુભાઇ નિરંકારી
છક્કડીયા,પો.ધાણીત્રા,તા.ગોધરા
Sumi7875@gmail.com

# યુપી ચુંટણીમાં અનાજ હાથમાં લઈ અખિલેશે ભાજપને હરાવવાનો સંકલ્પ લીધો

## ત્રણ કાળા કૃષિ કાનુનની વિરોધમાં આંદોલન એક વર્ષ ચાલ્યું અને મત મેળવવા માટે જ ભાજપે આ કાનુન પાછા લીધા છે.: તેજિંદર સિંહ વિર્ક

લખનૌ,તા.૧૭

સમાજવાદી પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અખિલેશ યાદવ આજે પાર્ટીના કાર્યાલયમાં ખુબ જ જુદા અંદાજમાં હતાં.લખીમપુર ખીરીથી આવેલ કિસાન તેજિંદર સિંહ વિર્કની સાથે મીડિયાને સંબોધિત કરવા દરમિયાન અખિલેશ યાદવે હાથમાં અનાજ લઇ ભાજપને હરાવવા તથા હટાવવાનો સંકલ્પ લીધો હતો.




અખિલેશ યાદવે કહ્યું કે પ્રદેશમાં અમારી પાર્ટીની સરકાર બનવા પર તમામ પાકોના ન્યુનતમ સમર્થન મૂલ્ય લાગુ થવાની સાથે સોગંદ લેવાના ૧૫ દિવસમાં જ તમામ કિસાનોના શેરડીના મૂલ્યનું વળતર કરવામાં આવશે.અખિલેશ યાદવે કહ્યું કે લખીમપુર ખીરીની હિંસમાં તેજિંદર સિંહ વર્કને પણ ગાડીથી કચડાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો અમારી સરકાર બનવા પર અમે તેનું સમ્માન કરીશું. આ સાથે જ કિસાનોની વિરૂધ્ધ દાખલ તમામ કેસ પાછા લેવામાં આવશે.અખિલેશે કહ્યું કે અમે તો કિસાનને સિંચાઇ માટે વિજળી મફત કરવાની સાથે વ્યાજ મુક્ત લોન તથા કિસાનો માટે વીમા અને પેન્શનની વ્યવસ્થા પણ કરશે ઉત્તરપ્રદેશ ચુંટણી માટે મોટા મોટા ષડયંત્ર અને કાવતરૂ કરવામાં આવી રહ્યું છે અમારે પરિવારને અમારાથી વધુ ચિંતા ભાજપને છે. અમારૂ ધોષણા પત્ર ભાજપના ધોષણા પત્રની બાદ આવશે

અખિલેશ યાદવે કહ્યું કે અમે શહીદ કિસાનના પરિવારના લોકોને પણ ૨૫-૨૫ લાખ રૂપિયાની આર્થિક સહાયતા આપશે તેમણે કહ્યું કે કિસાનોએ સંઘર્ષ કર્યું અને અન્યાયની વિરૂધ્ધ લડયા.સરકારને ત્યારબાદ કિસાનોની વાત માનવી પડી અમે તો કિસાનો પર અન્યાય અને અત્યાતાર કરનરાઓને હરાવીશું અને હટાવીશું. લખીમપુરના કિસાન નેતા તેજિંદર સિંહ વિર્કે અખિલેશ યાદવે અન્ન સંકલ્પ અપાવ્યો.સપા વડાએ સંકલ્પ લીધા બાદ કહ્યું કે સરકાર બનવા પર અમે ફાર્મર્સ રિવાલ્વિંગ ફંડની વ્યવસ્થા કરીશું

યાદવે કહ્યું કે હું તો હાથમાં પાક અને અનાજ લઇ ભાજપને હરાવવા તથા હટાવવાનો સંકલ્પ લઇ રહ્યો છું.અમે બધાએ આજે સંકલ્પ લીધો આ પ્રસંગે હાજર તેજિંદર વિર્કે કહ્યું કે ત્રણ કાળા કૃષિ કાનુનની વિરોધમાં આંદોલન એક વર્ષ ચાલ્યું અને મત મેળવવા માટે જ ભાજપે આ કાનુન પાછા લીધા છે.

# દેશમાં કોરોનાની સાથે ઓમિક્રોનના કેસમાં પણ વધારો

નવીદિલ્હી,તા.૧૭


કોરોનાનો નવો વેરિએન્ટ ઓમિક્રોન ઝડપથી ફેલાઈ રહ્યો છે. ઓમિક્રોનના કુલ કેસની સંખ્યા હવે ૮,૨૦૯ થઈ ગઈ છે. રવિવારની તુલનામાં તેમાં ૬.૦૨ ટકાનો વધારો નોંધાયો છે. કોરોના મહામારીથી અત્યાર સુધી કુલ ૩,૫૨,૩૭,૪૬૧ લોકો સાજા થઈ ચૂક્યા છે. કોરોનાની વિરૂદ્ધ ચલાવવામાં આવી રહેલા રસીકરણ અભિયાન હેઠળ અત્યાર સુધી કુલ વેક્સિનેશનનો આંકડો ૧,૫૭,૨૦,૪૧,૮૨૫ થઈ ગયો છે. ૈંઝસ્ઇ મુજબ ભારતમાં રવિવારે કોરોના વાઈરસ માટે ૧૩,૧૩,૪૪૪ સેમ્પલ ટેસ્ટ કરવામાં આવ્યા. અત્યાર સુધી કુલ ૭૦,૩૭,૬૨,૨૮૨ સેમ્પલ ટેસ્ટ કરવામાં આવી ચૂક્યા છે. મહારાષ્ટ્રમાં રવિવારે કોરોનાના ૪૧,૩૨૭ નવા કેસ સામે આવ્યા, જ્યારે ૨૯ દર્દીઓના મોત થયા છે. રાજ્યમાં સક્રિય કેસોની સંખ્યા વધીને ૨,૬૫,૩૪૬ થઈ ગઈ છે. રવિવારે ઓમિક્રોનના ૮ નવા કેસ રાજ્યમાં સામે આવ્યા છે. તેની સાથે જ રાજ્યમાં ઓમિક્રોનના કેસોની કુલ સંખ્યા ૧,૭૩૮ થઈ ગઈ. ગુજરાતમાં ૧૬ જાન્યુઆરીના રોજ કોરોનાના નવા ૧૦,૧૫૦ કેસ નોંધાયા છે. જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના લીધે આઠ લોકોએ જીવ ગુમાવ્યો છે. જેમાં અમદાવાદમાં સૌથી વધુ ૩,૨૬૪ નવા કેસ, જ્યારે સુરતમાં ૨,૪૬૪ નવા કોરોના કેસ નોંધાયા છે. રાજ્યમાં એક્ટિવ કેસનો આંકડો ૬૩,૬૧૦ પર પહોંચ્યો છે. જ્યારે ૬૩, ૬૧૦ દર્દીમાંથી ૮૩ દર્દી વેન્ટિલેટર પર છે.દેશમાં છેલ્લા કેટલાક દિવસથી સતત વધી રહેલા કોરોનાના કેસો મામલે આજે થોડો ઘટાડો જોવા મળ્યો છે. ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાઈરસના ૨,૫૮,૦૮૯ નવા કેસ સામે આવ્યા છે. આ આંકડો રવિવારના મુકાબલે ઓછો છે. ગઈકાલે કોરોના વાઈરસના ૨,૭૧,૨૦૨ કેસ સામે આવ્યા હતા. સ્વાસ્થ્ય મંત્રાલયે જણાવ્યું કે છેલ્લા ૨૪ કલાકમાં ૧,૫૧,૭૪૦ લોકોએ આ ખતરનાક બીમારીને માત આપી છે. ત્યારે ૩૮૫ લોકોના કોરોનાના કારણે મોત થયા છે.

# ૧૨થી ૧૪ વર્ષના બાળકો માટે રસીકરણ અભિયાન માર્ચથી શરુ થશે

નવીદિલ્હી,તા.૧૭

-ભારતમાં રસીકરણ અભિયાનની શરુઆતને એક વર્ષ પુરુ થઈ ચુક્યું છે. અત્યાર સુધીમાં દુનિયામાં સૌથી વધારે રસી ૧ અબર ૫૬ કરોડ ડોઝ અપાઈ ચૂક્યા છે. આ વર્ષે ૩ જાન્યુઆરીથી ૧૫થી ૧૮ વર્ષના બાળકોના રસીકરણની શરુઆત થઈ હતી. હવે માર્ચથી ૧૨થી ૧૫ વર્ષના બાળકો માટે રસીકરણ અભિયાન શરુ થશે. આ જાણકારી કોરોના પર બનેલા નેશનલ ટેક્નિકલ એડવાયજરી ગ્રુપ ઓન ઈમ્યુનાઈઝેશનના ચેરમેન ડો. એન કે અરોડાએ આપી છે. અરોડાએ કહ્યું છે કે ફેબ્રુઆરીના અંત અથવા માર્તની શરુઆતથી ૧૨થી ૧૫ વર્ષના બાળકો આપવામાં આવશે. બાળકો માટે ૩ જાન્યુઆરીથી શરુ થયેલા રસીકરણ અભિયાન અંતર્ગત ૧૫થી ૧૮ વર્ષના ૩.૩૧ કરોડ બાળકોને અત્યાર સુધી રસીનો પહેલો ડોઝ અપાઈ ચૂક્યો છે. આંકડા મુજબ ૧૩ દિવસમાં આ ઉંમરના ૪૫ ટકા બાળકો કવર થઈ ચૂક્યા છે. ડો. અરોડાએ કહ્યું કે ૧૫થી ૧૭ ની ઉંમરના દેશમાં ૭.૪ કરોડ બાળકો છે. અમારો હેતુ આ તમામને જાન્યુઆરીના અંત સુધીમાં રસીનો પહેલો ડોઝ ઉપલબ્ધ કરાવવાનો છે. આ બાદ અમે બીજા ડોઝ માટે ફેબ્રુઆરીમાં અભિયાન ચલાવશું. ફેબ્રુઆરીના અંત સુધીમાં બીજા ડોઝનું લક્ષ્ય પુરુ કરીશુ. એટલા માટે અમે ઈચ્છીએ છીએ કે ૧૨થી ૧૪ વર્ષની વચ્ચેના બાળકોને ફેબ્રુઆરીના અંત અથવા માર્ચના પહેલા અઠવાડિયામાં રસી આપવી શરુ થઈ જશે.ડો. એન કે અરોડાએ કહ્યું કે ૧૨થી ૧૭ વર્ષના બાળકો માટે ઘણી હદ સુધી એડલ્ટ જેવા હોય છે. એટલા માટે કોરોનાની સામે સુરક્ષા પ્રદાન કરવી બહું જરુરી છે. આ ઉંમરના બાળકો ઘણા ગતિશીલ હોય છે અને તેમને આમતેમ વધારે કરવું પડે છે. તેમને સ્કૂલ, કોલેજ, મિત્રોથી મળવા જવાનું હોય છે. એટવા માટે તેમને સંક્રમણનો ખતરો વધારે છે. ઓમિક્રોન આવ્યા બાદ જોખમ વધી ગયું છે.

# ઉત્તર પ્રદેશની ચૂંટણીમાં ટિકૈતનું સપા-આરએલડીને સમર્થન,ખેડૂતો ભાજપને હરાવશે



સિસૌલી,તા.૧૭

કેન્દ્ર સરકારના કૃષિ કાયદાઓની વિરૂદ્ધમાં આંદોલન કરનારા ખેડૂત નેતા રાકેશ ટિકૈતે ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને હરાવવા ખેડૂતોને આહવાન કર્યું હતું. જોકે તેઓ ક્યા પક્ષના સમર્થક છે તે અંગે કોઇ વાત નથી કરી. પણ આડકતરી રીતે તેમણે સપા અને આરએલડીના ગઠબંધનને સમર્થન આપ્યું હતું.

રાકેશ ટિકૈતે સિસૌલીમાં લોકોને સંબોધતા કહ્યું હતું કે મને આશા છે કે સપા અને આરએલડીના ગઠબંધનના ઉમેદવારોને લોકો સમર્થન આપશે. જ્યારે પ્રયાગરાજ પહોંચ્યા ત્યારે રાકેશ ટિકૈતે ક્યા પક્ષને સમર્થન આપશે તે અંગે કોઇ સ્પષ્ટતા નહોતી કરી.તેમણે એમ કહ્યું હતું કે ખેડૂતો ઉત્તર પ્રદેશમાં ભાજપને હરાવશે. ટિકૈતે કહ્યું હતું કે ૧૩ મહિના સુધી આ આંદોલન ચાલ્યું છે. તેથી ખેડૂતો પણ હવે સમજદાર બની ગયા છે અને તેઓને ખ્યાલ છે કે કોને હરાવવાના છે. ટિકૈતે કહ્યું હતું કે હું ખુદ ચૂંટણી નહીં લડું ના કોઇ રાજકીય પક્ષના મંચ પર જઇશ.

# કથક સમ્રાટ પંડિત બિરજુ મહારાજના નિધન અંગે વડાપ્રધાન રાષ્ટ્રપતિ અને મોદીએ દુઃખ વ્યક્ત કર્યુ

નવીદિલ્હી,તા.૧૭

પ્રસિદ્ધ કથક કલાકાર પંડિત બિરજુ મહારાજનું નિધન થયું છે. પદ્મ વિભૂષણથી સન્માનિત ૮૩ વર્ષના બિરજુ મહારાજે રવિવાર અને સોમવારની મધ્યરાત્રિએ અંતિમ શ્વાસ લીધા. તેમના પૌત્ર સ્વરાંશ મિશ્રાએ સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા આ જાણકારી આપી.

બિરજુ મહારાજના યોગદાનને યાદ કરીને દરેક લોકો તેમને શ્રધ્ધાંજલિ આપી રહ્યાં છે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે કહ્યું કે પીઢ કથક નૃત્યાંગના પંડિત બિરજુ મહારાજનું અવસાન એક યુગનો અંત છે અને તેમના પરિવાર અને ચાહકો પ્રત્યે સંવેજના વ્યકત કરી છે.

તેમણે કહ્યું કે મહારાજના અવસાનથી ભારતીય સંગત અને સાંસ્કૃતિક જગતમાં એક વિશાળ ખાલીપો પડી ગયો છે.તેમણે ટ્વીટ કરી કહ્યું કે પીઢ પંડિત મહારાજનું નિધન એક યુગનો અંત દર્શાવે છે.તેમણે ભારતીય સંગીત અને સાંસ્કૃતિક ક્ષેત્રે એક વિશાળ શૂન્યતા છોડી દીધી છે.તેઓ એક આઇકોન બની ગયા હતાં.જેમણે વૈશ્વિક સ્તરે કથકને લોકપ્રિય બનાવવામાં ખુબ જ યોગદાન આપ્યું હતું તેમના પરિવાર અને ચાહકો પ્રત્યે સંવેદના

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પંડિત બિરજુ મહારાજના નિધન પર દુઃખ વ્યક્ત કર્યું. તેમણે ટ્વીટ કરીને કહ્યું કે ભારતીય નૃત્યકળાને વિશ્વભરમાં વિશિષ્ટ ઓળખ અપાવનારા પંડિત બિરજુ મહારાજના નિધનથી અત્યંત દુઃખ થયું છે. તેમનું જવું એ સંપૂર્ણ કળા જગત માટે એક અપૂર્ણીય ક્ષતિ છે. શોકની આ ઘડીમાં મારી સંવેદનાઓ તેમના પરિજનો અને પ્રશંસકો સાથે છે. ઓમ શાંતિ.

અત્રે જણાવવાનું કે પંડિત બિરજુ મહારાજનું નિધન દિલ્હીમાં થયું. હાર્ટ એટેકના કારણે તેમનું નિધન થયું. તેમનો જન્મ ૧૯૩૮માં થયો હતો. તેઓ લખનૌ ઘરાના સાથે સંબંધ ધરાવતા હતા. પંડિત બિરજુ મહારાજ કથક નર્તક હોવા સાથે સાથે શાસ્ત્રીય ગાયક પણ હતા. પંડિત બિરજુ મહારાજના પિતા અને કાકા પણ કથક નર્તક હતા.

પંડિત બિરજુ મહારાજનું નામ ભારતના મહાન કલાકારોમાં સામેલ છે. તેમના લાખો અને કરોડો ચાહકો સમગ્ર દુનિયામાં છે. સિંગર માલિની અવસ્થી અને અદનાન સામીએ સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા તેમને શ્રદ્ધાંજલિ આપી છે. માલિની અવસ્થીએ ટ્વીટ કરીને કહ્યું કે આજે ભારતીય સંગીતની લય થમી ગઈ. સૂર મૌન થઈ ગયા. ભાવ શૂન્ય થઈ ગયા. કથકના સરતાજ પંડિત બિરજુ મહારાજ નથી રહ્યા. લખનૌની ડ્યોઢી આજે સૂની થઈ ગઈ. કાલિકાબિન્દાબીનની ગૌરવશાળી પરંપરાની સુગંધ વિશ્વભરમાં પ્રસારિત કરનારા મહારાજ અનંતમાં વિલિન થઈ ગયા. અપૂર્ણિય ક્ષતિ છે. ઓમ શાંતિ.

અદનાન સામીએ ટ્વિટર પર લખ્યું કે મહાન કથક ડાન્સર પંડિત બિરજુ મહારાજના નિધનના ખબરથી હું ખુબ દુખી છું. આપણે પ્રદર્શનકળાના ક્ષેત્રના એક અદ્વિતિય સંસ્થાનને ગુમાવ્યા છે. તેમણે પોતાની પ્રતિભાથી અનેક પેઢીઓને પ્રભાવિત કરી છે. તેમના આત્માને શાંતિ મળે.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




NOG SS NO - 50

વિષય -

એમિક્રોન અને મકરસંક્રાંતિ

પ્રકાર - ગદ્ય

શીષેક - પતંગ સંગ

સૂર્ય ઊર્જાનું અક્ષયપાત્ર થી ભરેલા પ્રત્યક્ષ દેવ સમાન છે. આપણાં ભગવત ગીતામાં કહ્યું છે કે "શ્રીકૃષ્ણએ આદિત્યમાં હું વિષ્ણુ પણ છું. ને જ્યોતિ માં હું ઝગમગતો સુર્ય છું. શનિ મહારાજ મકરસંક્રાંતિમાં સૂર્યદેવ પોતાનાં પુત્રનાં ઘરમાં રહે તો એ મકરસંક્રાંતિ કહેવાય.

ભીષ્મપિતામહ એક ઘો નામના વસુ હતાં ને સાપ ના કારણે ઈચ્છા મૃત્યુનું વરદાન હતું એમને.

મકરસંક્રાંતિના દિવસે ૪૯ દિવસ સુધી બાણશય્યા પર સૂતેલા ગંગાપુત્ર ભીષ્મ પિતામહને એ દિવસ સુધી પોતાનાં પ્રાણ ટકાવી રાખેલાં ૪૯ દિવસ? સુધી, ભીષ્મપિતામહ ના એક એક બાણ કૌરવોના એક એક દુષ્ટ કૃત્ય ની ચાડી ખાય છે. પ્લાસ્ટિકની કે ધારદાર દોરીથી ઈશ્વરે ચગાવેલા પંખીડાં જેવાં નિર્દોષ પક્ષીઓને પતંગની દોરીથી કાપવાનો કોઈને અધિકાર નથી. મારા મનની વાત કે પતંગ ઉત્સવ એ ભેગાં મળીને તો ચાલોને પતંગ ચગાવોને બોલવાં માટે શબ્દ તમને આપું તમે આવજો અને ખુશી હું આપીશ. પતંગ ઉત્સવ મનાવવાનો રસ્તો હું ખોળી આપું મંઝિલ તમે બનાવજો. મારી અલ્લડ જવાની જેવી લાગણીઓને રંગીન પતંગને સ્નેહની દોરીથી અલગ થવાનું પતંગને ક્યાં ગમે છે..?

જે નસીબમાં કરાવાનું લખ્યું હોય તો હાથમાં લોકોના ચગે છે. દોસ્તો ને સંગાથી વિના ઉત્તરાયણમાં ઘરની અગાસી ના શોભે.મનુષ્યનાં ઉમળકાનો

કેવો ખેલ. મોહ,માયા ,ક્રોધના આજે કાપવા છે મારે પતંગો. માટે મારે પ્રેમની પતંગ ઉડાવીને ઓચ્છવ આનંદોલ્લોસ કરવી છે પતંગ સંગ.

રાગીની શુક્લ" રાગ"

મુંબઈ, કાંદિવલી

---

NOG SS No.0007

વિષય : એમિક્રોન અને મકરસંક્રાંતિ

પ્રકાર : ગદ્ય

માઈક્રોફિક્શન વાર્તા

શિર્ષક : બંગલાની અગાસી

એમિક્રોનથી અસરગ્રસ્ત થયેલી વિશ્વાને હોસ્પિટલમાંથી રજા મળ્યે આજે દસ દિવસ થયાં હતાં.પતંગ ચગાવવાનો ગાંડો શોખ ધરાવતી વિશ્વાને આવતીકાલની મકરસંક્રાંતિ ધામધૂમથી ઊજવવી હતી.એમાંય એમિક્રોનને મ્હાત આપીને આવી હતી એનો પણ આનંદ હતો. દર વર્ષે મકરસંક્રાંતિને દિવસે વિશ્વા પોતાનાં બધાં મિત્રોને પોતાનાં બંગલે ભેગાં કરી ખૂબ ધામધૂમથી મકરસંક્રાંતિ ઊજવતી.વિશ્વાની મહેમાનગતિ ખૂબ વખણાતી એટલે એનાં મિત્રો પણ વિશ્વાના આમંત્રણની કાગડોળે રાહ જોતાં.વિશ્વાની મમ્મી શૃંખલાની લાખ ના હોવા છતાં વિશ્વાએ એનાં બધાં મિત્રોને આમંત્ર્યા.પતંગની સાથે ખાણી, પીણી, મ્યુઝિક અને જલસા જ જલસા કરાવતી વિશ્વાની બંગલાની અગાસી પર રાત સુધી પાર્ટી ચાલી.મોડી રાત્રે ધીરે ધીરે બધાં જ મિત્રો જતાં રહ્યાં.શૃંખલા નીચે હોલમાં જ પાર્ટી પૂરી થવાની રાહ જોતી બેઠી હતી.બધાં મિત્રો જતાં રહ્યાં છતાં વિશ્વા હજી નીચે ન આવી એટલે શૃંખલા વિશ્વાને બોલાવવા અગાસીએ ગઈ અને ત્યાં વિશ્વા જે હાલતમાં હતી એ જોઈને શૃંખલાના મોઢાંમાંથી શબ્દો સરી પડ્યાં," આનાં કરતાં તો તને એમિક્રોન ભરખી ગયો હોત તો સારું થાત."

લેખિકાઃ આરતી મરચંટ,મુંબઈઃ કાંદિવલી

---

NOG SS NO- 0088

વિષય શબ્દ- એમિક્રોન અને મકરસંક્રાંતિ

પ્રકાર- ગદ્ય

શીર્ષક- લૂંટ લે...

કોઈ એ સાચું જ કહ્યું છે કે ..

પૃથ્વીનો પ્રલય તો થતાં થશે.. આજે રોગો અને ભોગોનો પ્રલય થઈ રહ્યો છે.. નથી હસી શકતો માનવીને, નથી રડી શકતો માનવી.. માત્ર મૃત્યુની બીકે માત્ર ફફડી રહ્યો છે માનવી!!

છેલ્લાં દોઢ-બે વર્ષથી જાણે સૌ આવું જ જીવી રહ્યાં છીએ. ચીનની પેદાશ એવો કરોના જ્યાં સુધી માનવીને સ્પર્શ્યો નહોતો ત્યાં સુધી સામાન્ય લાગેલું. પણ જ્યારે તેની બીજી લહેરે સમગ્ર વિશ્વને ધમરોળ્યું ત્યારે તેની ભયંકરતાની ખબર પડી.

હાલ પણ એમિક્રોન રોગની સામે સૌએ સાવચેત રહીને સામનો કરવો રહ્યો.

આ ઉત્તરાયણે અમારે આકસ્મિક જ અમદાવાદ પૂર્વ વિસ્તારમાં જવાનું થતાં પોળની વખણાતી ઉત્તરાયણ જોવાનું થયું.. એકતા અને સંઘશક્તિ શું છે તેનાં દર્શન થયાં.. આખું આકાશ લહેરાતાં રંગબેરંગી મેઘધનુષી આકારોમાં પરિવર્તીત હતું. સાથે વિજયીઘોષ.. "એ કાપ્યો"... "એ લપેટ" સાથે અવનવાં પીપૂડાંનાં અવાજ તો ખરા જ.

કેટલાંક પતંગ ચગાવવામાં વ્યસ્થ હતાં તો કેટલાંક વાતોના ગપાટા સાથે ફિરકી વિંટવા કે પકડવામાં. જ્યારે કેટલાંક લૂંટવામાં.. પણ પડ્યા તો હતાં સૌએ પતંગ પાછળ જ.

આ બધાંમાં મારું વિશેષ ધ્યાન એનાં લૂંટવાવાળાં પાછળ ગયેલું.. એમાં નાનાં મોટાં સૌ સામેલ હતાં. એક બારેક વર્ષનો દીકરો.. હાથમાં ઝૈડું લઈને એને લૂંટવામાં મશગુલ હતો. રોડ પર પણ ડર્યા વિના.. હા ટ્રાફિકનું ધ્યાન રાખતો.. છતાં એનું ધ્યેય તો અનિમેષ પતંગ જ હતું. એક ભાઈ સૌને મોટી થેલી ભરીને જમવાનું આપતા હતા. એને પણ આપ્યું. એણે કોઈ એવી બાળજિજ્ઞાસા ખાતર પણ જોયું નહિ કે એમાં શું છે.. એ તો એની મસ્તીમાં જ.. લૂંટવાની મોજમાં રહ્યો.

મારા મનમાં પ્રશ્ન ઉઠ્યો.. શું આપણે સૌએ આવી મોજ લુંટવાનો ક્યારેય પ્રયત્ન કર્યો છે? પૃથ્વી હજારો વર્ષથી ટકી છે.. અને સૌ જીવો અસ્તિત્વની લડાઈ લડી ટકી રહ્યાં છે.. જે હાર્યા તે નામશેષ થયાં. આપણે સૌ શું કામ કોઈ એક રોગથી ડરીને નમાલાં થઇને જીવીએ! આવો સૌ સાવધાનીથી સામનો કરી જીવનનો આનંદ લૂંટીએ.. પેલાં બાળકની જેમ..

આમ પણ પતંગ આપણને જીવનની કેટલીક ફિલોસોફી શીખવે જ છે... ક્યારે આકાશને પામવું, પામ્યા પછી સ્થિરતા કેળવવી, ક્યારે કોઈની સાથે ટક્કર લેવી, પંગામાં ખેંચ કે ઢીલ ક્યાં ને કેટલી આપવી, ક્યારેક જિંદગીનાં પેચમાં હાર્યા તો અન્યથી લૂંટાવું, ફરી પાછાં અન્યનાં હાથમાં ચઢી અડપલાંને સહન કરી.. જુદી જ દોરીએ પાછાં આકાશને પામવા મથવું. સાવ તૂટીને, મચકોડાઈ અડધો થયેલો પતંગ પણ જો ના હારે તો.. આપણે કેમ હારીએ?

ડો. મનીષા વ્યાસ,અમદાવાદ

# ડ્રોન કેમેરાની મદદથી દેશી દારૂની ભઠ્ઠીનો કેસ શોધી કાઢતી મહીસાગર જીલ્લા પોલીસ



નાયબ પોલીસ મહાનિરીક્ષક શ્રી એમ.એસ.ભરાડા સાહેબનાઓ , ગોધરા રેન્જ , ગોધરા તથા મહીસાગર જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી રાકેશ બારોટ સાહેબનાઓએ ડ્રોન કેમેરા મદદથી ગેરકાયદેસર પ્રવૃત્તીઓ ઉપર કાયદેસરની કાર્યવાહી કરવા સારૂ સુચના આપેલ જે અનુસંધાને એસ.ઓ.જી શાખાના પોલીસ ઈન્સ . શ્રી ડી.બી પટેલ સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી તથા એલસીબીના માણસોની ટીમની રચના કરેલા ... જે અનુસંધાને એસ , ઓ.જી પો.સ.ઈ.શ્રી કે.સી.પારગી તથા એસ , ઓ.જી તથા એલસીબીના માણસો દ્વારા લુણાવાડા પોલીસ સ્ટેશન વિસ્તારના રાજગઢ ગામે ખુલ્લામાં દેશી દારુની ભઠ્ઠીઓ ચાલતી હોવાની માહિતી મળતા રાજગઢ મુકામે જઈ ડ્રોનના ઉપયોગ કરી ડ્રોન દ્વારા આદર ભઠ્ઠી જણાઈ આવતા લુણાવાડા પો.સ્ટેના માણસોને સાથે રાખી ઉપરોકત કોતર વાળી જગ્યા ઉપર રેઈડ કરતાં એક ઈસમ હાજર મળી આવેલ હોય અને તેને પકડી પાડી તેનુ નામ ઠામ પૂછતા પોતે પોતાનું નામ ફુલાભાઈ કાળુભાઈ પાડોર રહે . રાજગઢ તા . લુણાવાડા જી – મહિસાગર નો હોવાનુ જણાવે છે . સદર જગ્યાએ જોતા દેશીદારુની ભઠ્ઠી મળી આવેલ જેમાં એક માટીના માટલામાં દારુ ગાળવા માટે ભરી રાખેલ વોશ મળી આવેલ જેમાં તપાસ કરતા દેશી દારૂ ગાળવા માટેનુ મહુડા તથા ગોળ નો વોશ મળી આવેલ જેથી ડ્રોન કેમેરાની મદદથી દેશી દારૂની ભઠ્ઠીનો કેસ શોધી કાઢી આગળની કાયદેસરની કાર્યવાહી કરવા સારૂ લુણાવાડા પો.સ્ટેને સોપવામા આવેલ છે .

રિપોર્ટ. ભીખાભાઈ માછી મહીસાગર

# ગાંધીનગર સીઆઈડી આઈબીમાં ફરજ બજાવતા પોલીસ જવાનની સુસાઈડ નોટ મળી

સુરેન્દ્રનગર,તા.૧૭

સરામાં રહેતા અને ગાંધીનગર ખાતે આઈબીમાં ફરજ બજાવતા દીપકસિંહ નરેન્દ્રસિંહ પરમાર નામના પોલીસ જવાને ૯ જાન્યુઆરીએ સરા ખાતેના નિવાસસ્થાને આત્મહત્યા કરી લીધી હતી. તેમના મૃતદેહને પીએમ માટે સુરેન્દ્રનગર લાવવામાં આવ્યો હતો. ત્યારે તેમને પિતાએ જણાવ્યું હતું કે દીકરાને નોકરીમાં મુશ્કેલી હોવાનો ફોન આવ્યો હતો, આથી તેઓ ગાંધીનગર જઈને પુત્રને સરા લઈ આવ્યા હતા. આ બનાવમાં દીપકસિંહનું અકસ્માતે મોત થયા અંગે પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. ત્યાર બાદ રવિવારે દીપકસિંહ પરમારે આત્મહત્યા કરતાં પહેલાં લખેલી સુસાઈડ નોટ પોલીસની સામે આવી હતી, જેમાં તેમણે કેટલાક ચોંકાવનારા ઘટસ્ફોટ કરીને પોતે કરેલી આત્મહત્યાનું કારણ બતાવ્યું છે. એમાં ખાસ કરીને પોતાની અને પત્નીની અંગત સમયનો વીડિયો સોશિયલ મીડિયામાં ફરતો કર્યો હતો. આ પગલું ભર્યું હોવાનું જણાવ્યું છે. આ સાથે આઈબીમાં જ ફરજ બજાવતા ડી.કે.રાણા, ભારતીબેન અને એ.આઈ.ઓ. નિષાનાં નામનો ઉલ્લેખ કર્યો છે. તેમના ત્રાસને કારણે આ અંતિમ પગલું ભર્યું હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જેના આધારે મૂળી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. પ્રતિશ્રી માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી સાહેબ તથા ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી, હું દીપકસિંહ નરેન્દ્રસિંહ પરમાર હાલ ગામ સરા સરકારી દવાખાના ખાતે મારાં માતા-પિતા પાસે આવેલો હતો. હું ગાંધીનગર ખાતે સી.આઈ.ડી.આઈબીમાં ફરજ બજાવું છું. મને અને મારા પરિવારને હેરાન કરવા તથા મારી પત્નીના નગ્ન વીડિયો અને અમારા આખા ઘરમાં નેટવર્ક ફિટ કરી અમારી અંગત પળોનો વીડિયો ઉતારી વાઈરલ કર્યો છે અને મને માનસિક ત્રાસ આપે છે, જેનું નામ ડી.કે.રાણા.આઈબીમાં ફરજ બજાવે છે. તેની સાથે ભારતીબેન તથા નિશા એઆઈઓ મને મારી નાખવાની ધમકી તથા મારી પત્નીની અંગત પળો ઉતારેલી છે, જેથી હું આત્મ હત્યા કરું છું. આ બનાવમાં અગાઉ અકસ્માતે મોતનો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

# ગુજરાતમાં ઠંડી ઘટશે, ચાર દિવસ બાદ ફરીથી હાડ થીજવતી ઠંડી પડશે

અમદાવાદ,તા.૧૭

હાલ ઠંડીનું પ્રભુત્વ છવાયું છે. ત્યારે હવામાન વિભાગની આગાહી પ્રમાણે, ગુજરાતમાં આગામી ૩ દિવસ દરમિયાન તાપમાનમાં વધારો નોંધાશે. જેથી ઠંડીમાં પણ ઘટાડો નોંધાતા લોકો રાહતનો શ્વાસ લેશે. આ સાથે ઉત્તર ભારતમાં હિમવર્ષા તતા આગહી મુજબ રાજ્યમાં ૨૨ જાન્યુઆરી બાદ ઠંડીનો વધુ એક રાઉન્ડ શરૂ થઈ શકે છે. અમદાવાદમાં આગામી ૨૨થી ૨૫ જાન્યુઆરી દરમિયાન લઘુતમ તાપમાન ૯ ડિગ્રીથી નીચે જવાની શક્યતા છે.

રવિવારે, અમદાવાદમાં ત્રણ દિવસ બાદ સરેરાશ લઘુતમ તાપમાનનો પારો ૧૦ ડિગ્રીથી વધારે રહ્યો હતો. રાતે અમદાવાદમાં ૧૨.૮ ડિગ્રી સાથે સરેરાશ લઘુતમ તાપમાનમાં સામાન્ય કરતાં ૧ ડિગ્રીનો વધારો થયો હતો. રાજ્યમાં ૫ ડિગ્રી સાથે નલિયામાં સૌથી નીચું તાપમાન નોંધાયું હતું. જ્યારે ગાંધીનગરમાં ૧૨.૨ ડિગ્રીએ લઘુતમ તાપમાનનો પારો રહ્યો હતો. તો અમદાવાદમાં ૧૨.૮, વડોદરામાં ૧૨, ભાવનગરમાં ૧૨.૯, કંડલામાં ૧૩, સુરતમાં ૧૭.૯ અને રાજકોટમાં ૧૨.૨ ડિગ્રી ઠંડી અનુભવાઈ હતી. આ ઉપરાંત પાટણમાં ૯.૨, ડીસામાં ૯.૨ ઠંડી નોંધાઈ હતી.

ઉત્તર ભારતમાં હિમાલયના પ્રદેશોમાં ભારે હિમ વર્ષા થવાના કારણે, હજુ પણ આગામી થોડા દિવસો સુધી અમદાવાદ સહિતના ગુજરાતમાં મોટાભાગના વિસ્તારોમાં ગાત્રો થીજવતી ઠંડીનો અનુભવ થશે. ઉત્તર પૂર્વ દિશાનો પવન ફૂંકાવવાને પગલે ગુજરાતમાં કાતિલ ઠંડીનું જોર યથાવત્ રહ્યું છે. તયારે, આગામી ૨૧ જાન્યુઆરી સુધી અમદાવાદમાં સરેરાશ લઘુતમ તાપમાન વધીને ૧૬ ડિગ્રી સુધી થઈ શકે છે. હવામાન વિભાગના મતે, ગુજરાતમાં ૨૨ જાન્યુઆરી બાદ ઠંડીનો વધુ એક રાઉન્ડ શરૂ થઈ શકે છે. અમદાવાદમાં આગામી ૨૨થી ૨૫ જાન્યુઆરી દરમિયાન લઘુતમ તાપમાન ૯ ડિગ્રીથી નીચે જવાની સંભાવના છે.

હવામાન વિભાગની આગાહી મુજબ દેશના ઉત્તર પૂર્વિય વિસ્તારોમાં સતત હિમ વર્ષાના કારણે જમ્મુ કાશ્મીરથી લઈને પંજાબ, હરિયાણા, ઉત્તર પ્રદેશ અને રાજસ્થાન સાથે ગુજરાતમાં પણ શીત લહેર ફરી વળશે. ગુજરાતમાં પણ તમામ વિસ્તારોમાં આગામી થોડા દિવસો કોલ્ડવેવની આશંકા છે. તો સૌરાષ્ટ્રના દરિયા કિનારે ભારે પવન ફૂંકાઈ શકે છે. કાતિલ ઠંડીના પ્રવાહો આગામી ૨૪ જાન્યુઆરી સુધી યથાવત રહી શકે છે. આ દરમિયાન ઘણા વિસ્તારોમાં તાપમાન ૧૦ ડિગ્રીથી વધુ ગગડવાની આશંકા છે.

બીજી તરફ અંબાલાલ પટેલના દાવા પ્રમાણે, રાજ્યમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને પગલે ૧૮ જાન્યુઆરી, ૧૯ જાન્યુઆરી અને ૨૦ જાન્યુઆરીએ રાજ્યના કેટલાક વિસ્તારમાં કમોસમી વરસાદ પડશે. જેના કારણે રવિ પાકને વ્યાપક નુકસાન થવાની ભીતી છે. એટલું જ નહી, અંબાલાલ પટેલના અનુમાન પ્રમાણે, ફેબ્રુઆરીમાં પણ માવઠાની શક્યતા રહેલી છે.

# વડોદરાની યાસ્તિકા ભાટિયાની વર્લ્ડકપ માટે મહિલા ક્રિકેટ ટીમમાં પસંદગી



વડોદરા,તા.૧૭

ન્યુઝીલેન્ડના પ્રવાસે જનાર અને વિશ્વકપ રમનાર ભારતીય મહિલા ટીમમાં વડોદરાની મહિલા ક્રિકેટર યાસ્તિકા ભાટિયાની પસંદગી કરાઈ છે. યાસ્તિકા ભાટિયા ડાબોડી સ્ટાઈલીસ્ટ બેટધર અને વિકેટ કીપર છે અને ટીમ સાથે જોડાવવા માટે તેઓ આજે વડોદરા એરપોર્ટથી રવાના થયા છે. મુંબઈથી ભારતીય ટીમ ન્યુઝીલેન્ડ જવા રવાના થશે. તમને જણાવી દઈએ કે યાસ્તિકા ભાટિયા વર્લ્ડકપની મેચ માટે રોજ ૩ કલાક પ્રેક્ટિસ કરે છે. યાસ્તિકાએ ભારતીય મહિલા ટીમમાં જોડાયા પહેલા જણાવ્યું હતું કે 'ભારત વિશ્વકપ જીતે તે માટે મારો શ્રેષ્ઠ પ્રયાસ રહેશે. મારું ઉત્કૃષ્ટ પ્રદર્શન કરવા માટે કોઈ કસર નહીં રાખું. યાસ્તિકા વડોદરા એરપોર્ટ પર પહોંચી ત્યારે ભારતીય મહિલા ટીમના પૂર્વ મેનેજર અને બીસીએના ચીફ સીલેકટર (મહિલા ટીમ) ગીતા ગાયકવાડે વિશ્વકપ માટેની શુભેચ્છા પાઠવી હતી. બીજી બાજુ યાસ્તિકા ભાટિયાના પિતા હરીશ ભાટિયાએ જણાવ્યું હતું કે 'તે વિશ્વકપ માટે ખૂબ ઉત્સાહી છે જતાં પહેલાં મને કહ્યું કે 'પપ્પા હું વર્લ્ડ કપ સાથે પાછી આવીશ.

ન્યુઝીલેન્ડમાં ભારતીય મહિલા ટીમ પાંચ વન-ડે અને ટી-૨૦ મેચ અને ત્યારબાદ વિશ્વકપ રમશે. ગત વર્ષે ઓસ્ટ્રેલિયાના પ્રવાસ ગયેલી ભારતની ત્રણેય ફોર્મેટની ટીમમાં યાસ્તિકાનો સમાવેશ થયો હતો. યાસ્તિકા આક્રામક બેટિંગ માટે જાણીતી છે. અને બોલદીઠ રન કરવામાં ખૂબ માહેર છે.

# કોરોનાનાં ૨૧ મહિનામાં દેશમાં લાખો બાળકો અનાથ થયા,ગુજરાત ત્રીજા ક્રમે


નવીદિલ્હી,તા.૧૭

દુનિયાભરમાં કોરોનાનાં કારણે લોકોનું જીવન ચક્ર પૂરી રીતે ફેરવાઈ ગયુ છે. અંદાજે ૨ વર્ષ પહેલા લોકોનું જીવન જેવુ હતુ તેવુ આજે બિલકૂલ પણ નથી. ચીનમાંથી ઉદ્ભવેલી આ મહામારીએ ભારતમાં પણ મોટી તબાહી મચાવી છે. એક માહિતી મુજબ દેશમાં કોરોનાનાં કારણે લાખો બાળકો અનાથ થઈ ગયા છે.

દેશમાં હવે ધીમે ધીમે કોરોનાનાં કેસમાં વૃદ્ધિ આવી રહી છે. થોડા દિવસો પહેલા જે કેસ હજારોમાં આવી રહ્યા હતા તે હવે લાખોમાં આવી રહ્યા છે. આવી જ સ્થિતિ કોરોનાની બીજી લહેરમાં પણ જોવા મળી હતી. જે સમયમાં દેશનાં કરોડો લોકોનું પરિવાર પ્રભાવિત થયુ હતુ. રાષ્ટ્રીય બાળ અધિકારી સંરક્ષણ આયોગની માહિતી અનુસાર, કોરોનાનાં ૨૧ મહિનામાં ભારતમાં અંદાજે ૧.૪૭ લાખ બાળકો અનાથ થઈ ગયા છે. જેમા સૌથી વધુ ઓડિસામાં ૨૪ હજાર કરતા વધુ બાળકો અનાથ થયા છે. આ બાળકોનાં માથે હવે તેમના માતા-પિતાનો હાથ રહ્યો નથી. આ માહિતી આયોગે સુપ્રીમકોર્ટમાં આપી છે. આ મામલે ગુજરાતની વાત કરીએ તો તેનો ત્રીજો ક્રમ આવે છે. એક આંકડા મુજબ ગુજરાતમાં ૧૪ હજાર કરતા વધુ બાળકો અનાથ થઈ ગયા છે. કોરોનાની બીજી લહેરમાં સૌથી વધુ લોકો પ્રભાવિત થયા હતા અને હવે ત્રીજી લહેરની શરૂઆત થઈ હોય તેવા આંકડાઓ રોજ સામે આવી રહ્યા છે. ડબ્લ્યુએચઓનાં જણાવ્યા અનુસાર, આ મહામારીથી બચવા માટે સાવચેતી સૌથી મોટુ પગલુ રહેશે. જે લોકોએ હજુ સુધી વેક્સિન લીધી નથી તેઓ જલ્દી જ વેક્સિન લઈ લે અને ત્યારબાદ પણ સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલી ગાઈડલાઈનનું યોગ્ય રીતે પાલન કરે તો આ મહામારીને હરાવી શકાય છે

## 'પંજાબને ભારતથી તોડવાનું ષડ્યંત્ર ! આ વિષય પર 'ઑનલાઈન વિશેષ સંવાદ !

# પંજાબને ભારતથી તોડવા માટે ખલિસ્તાનવાદીઓને સાથે લઈને છૂપું યુદ્ધ ચાલુ ! - શ્રી. પ્રવીણ દીક્ષિત, માજી પોલીસ મહાસંચાલક, મહારાષ્ટ્ર



પંજાબ ખાતેના એક ન્યાયાલયમાં એક માજી પોલીસ કર્મચારી દ્વારા બૉંબસ્ફોટ કરાવવામાં આવે છે, સીમાવર્તી ક્ષેત્રમાં આર.ડી.એક્સ.થી ભરેલી બસ મળી આવે છે, પાકમાંથી ડ્રોન દ્વારા શસ્ત્રાસ્ત્રો અને અમલી પદાર્થો પંજાબમાં મોકલવામાં આવી રહ્યા છે, આ બધું જોતાં પંજાબ ખાતે કેટલાંક દેશવિરોધી તત્ત્વો કાર્યરત છે. તેમણે ખલિસ્તાનવાદીઓને સાથે લીધા છે. દેશના વિરોધમાં છૂપું યુદ્ધ ('પ્રૉક્સી વૉર') પોકાર્યું છે. પરંતુ તેઓ આ યુદ્ધમાં કદી પણ યશસ્વી થશે નહીં; કારણકે પંજાબની જનતા ભારત સાથે છે. પંજાબ સરકારે જાગૃત રહીને રાજ્ય અને સીમાવર્તી વિસ્તાર સુરક્ષિત રાખવો જોઈએ, એવું પ્રતિપાદન મહારાષ્ટ્ર ખાતેના માજી પોલીસ મહાસંચાલક તેમજ 'સ્વતંત્રતાવીર સાવરકર રાષ્ટ્રીય સ્મારક'ના અધ્યક્ષ શ્રી. પ્રવીણ દીક્ષિતે કર્યું. તેઓ હિંદુ જનજાગૃતિ સમિતિ વતી આયોજિત 'પંજાબને ભારતથી તોડવાનું ષડ્યંત્ર !' આ વિષય પર આયોજિત 'ઑનલાઈન' વિશેષ સંવાદમાં બોલી રહ્યા હતા.

આ સમયે 'હિંદુ ફ્રંટ ફોર જસ્ટિસ'ના પ્રવક્તા તેમજ સર્વોચ્ચ ન્યાયાલયના ધારાશાસ્ત્રી વિષ્ણુ શંકર જૈને કહ્યું કે, ખલિસ્તાની ચળવળે ચીન, પાકિસ્તાન અને ઈસ્લામી આતંકવાદીઓ સાથે વહેવાર કર્યો હોવાની ગુપ્તચર સંસ્થાઓને જાણકારી છે. ભારતના ઈતિહાસમાં શીખોનું યોગદાન મોટું છે; પણ ખેડૂત આંદોલનના માધ્યમ દ્વારા શીખોને ઉતારીને સરકારે તેમના પર ગોળીબાર કરવો, એવું વાતાવરણ ઘણીવાર ખલિસ્તાનવાદીઓએ નિર્માણ કર્યું; પણ સરકારે બળનો ઉપયોગ કર્યો નહીં. પણ જો તેવું થાત, તો તે માધ્યમ દ્વારા દેશ અસ્થિર કરવાનું મોટું કારસ્થાન હતું. વડાપ્રધાનની ગાડી રોકવા પાછળ પણ મોટું ષડ્યંત્ર આંકવામાં આવ્યું હતું. આ સમયે અમેરિકા ખાતેના માં રાજ્યલક્ષ્મીએ કહ્યું કે, 'ભારતને ધર્માંતરિત કરો અને પછી ભારત પર નિયંત્રણ મેળવીને ભારતને તોડો', એ માટે ભારતને સ્વતંત્રતા મળી ત્યારથી ષડ્યંત્રો ચાલુ જ છે. મિશનરી, પાકિસ્તાની, ચીન, અંતરરાષ્ટ્રીય સમૂહો ઈત્યાદિ કાર્યરત છે. તેમાં ખલિસ્તાની ચળવળ, ઈસ્લામી આતંકવાદ, 'ડિસમેંટલિંગ ગ્લોબલ હિંદુત્વ' પરિષદ, 'સીએએ'વિરોધી આંદોલનો, ખેડૂતોનાં આંદોલનો, હિંદુઓના દેવતાઓનું જાણીજોઈને અપમાન કરવું ઈત્યાદિ અનેક કુકૃત્યો જાણીજોઈને કરવામાં આવી રહ્યાં છે. આ એક વૈશ્વિક ષડ્યંત્ર છે. આ સમયે સનાતન સંસ્થાના ધર્મપ્રચારક શ્રી. અભય વર્તકે કહ્યું કે, વર્ષ ૧૯૮૪ની પરિસ્થિતિ નિર્માણ કરવાનો પ્રયત્ન કૉંગ્રેસ દ્વારા કરવામાં આવી રહ્યો છે. શીખ પંથ જાતિયવાદી કે દેશદ્રોહી નથી. વિવિધ જાતિઓને સન્માનિત કરીને 'પંચપ્યારે' આ સંકલ્પના શીખોના ગુરુ ગોવિંદસિંહે પ્રસ્તુત કરી; પણ કૉંગ્રેસે પોતાના રાજકીય સ્વાર્થ ખાતર જાતિયવાદ નિર્માણ કર્યો. પંજાબના મુખ્યમંત્રી ચન્ની દલિત શીખ હોવાનો પ્રચાર કરીને કૉંગ્રેસે સાક્ષાત્ ગુરુ ગોવિંદસિંહનું અપમાન કર્યું છે. વર્ષ ૨૦૧૪ સુધી શીખ અને તેમના ગુરુદેવનો છળ કરનારા ઔરંગઝેબના નામે દિલ્લી ખાતે એક મહામાર્ગ હતો. ક્યારેય કૉંગ્રેસે તે નામ પલટ્યું નહીં. કૉંગ્રેસે એકરીતે શીખોનું અપમાન જ કર્યું છે.

# બનાસકાંઠા બ્યુરો કાર્યાલય

## લાખણીના દેતાલમાં કોરોનાને આમંત્રણ આપવા સન્માન સમારોહ યોજાયો



બનાસકાંઠા પાલનપુર તા ૧૭

બનાસકાંઠા જીલ્લામાં કોરોનાની ત્રીજી લહેરની શરૂઆત થઇ ચૂકી છે અને દિવસેને દિવસે કોરોના કેસમાં વધારો થઇ રહ્યો છે. સરકાર દ્વારા કોરોનાના સંક્રમણને અટકાવવા માટે નિયમો જાહેર કરવામાં આવ્યા છે. પરંતુ ખૂદ સરકારના જ સાંસદ પરબતભાઇ પટેલની હાજરીમાં રવિવારે લાખણીના દેતાલ ગામમાં કોરોના મહામારી વચ્ચે સન્માન સમારોહ યોજાયો છે.

સમગ્ર ગુજરાતમાં કોરોનાની ત્રીજી લહેરની શરૂઆત થઇ ચૂકી છે અને સરકાર દ્વારા એસ.ઓ.પી. પણ જાહેર કરી દેવામાં આવી છે. પરંતુ બનાસકાંઠામાં તો ખૂદ સરકારના સાંસદ સરકારની એસ.ઓ.પી. ને નેવે મૂકી સન્માન સમારોહમાં હાજરી આપી રહ્યા છે.

બનાસકાંઠા જીલ્લાના લાખણી તાલુકાના દેતાલ ગામમાં રવિવારે નવનિયુક્ત બનેલા સરપંચોનો સન્માન સમારોહ યોજાયો હતો. આ સન્માન સમારોહમાં બનાસકાંઠા જીલ્લાના સાંસદ પરબતભાઇ પટેલ પણ હાજર રહ્યા હતા.આ સન્માન સમારોહમાં સોશિયલ ડીસ્ટન્સના ધજાગરા પણ ઉડયા છે અને લોકો મોટી સંખ્યામાં કોરોનાની મહામારી વચ્ચે માસ્ક વગર પણ જોવા મળ્યા હતા. જયારે બનાસકાંઠા જીલ્લામાં દરરોજના ૩૦ થી વધુ કોરોનાના કેસો સામે આવી રહ્યા છે અને ગ્રામિણ વિસ્તારોમાં કોરોના મહામારી વચ્ચે સન્માન સમારોહ યોજાઇ રહ્યા છે.જો આવી રીતે જ બનાસકાંઠા જીલ્લામાં કોરોના મહામારી વચ્ચે ભાજપના સાંસદ અને ભાજપના આગેવાનો વચ્ચે જો સન્માન સમારોહ યોજાશે તો આગામી સમયમાં બનાસકાંઠા જીલ્લામાં કોરોનાના કેસોમાં રાફડો ફાટે તેવી સંભાવના સેવાઇ રહી છે.

અહેવાલ દીલીપ ગોહીલ,બનાસકાંઠા બ્યુરો

# મુખ્યમંત્રીશ્રીએ 'સુશાસનના ૧૨૧ દિવસ આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત પુસ્તિકાનું લોન્ચિંગ કર્યું

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં જનસેવાની પરિશ્રમ યાત્રાના - સુશાસનના પ્રથમ ૧૨૧ દિવસ પૂર્ણ



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જનતા જનાર્દનની સેવા કરવાની તેમની ટીમને મળેલી તક અને રાજ્યની વિકાસયાત્રાને તેજોમય બનાવવાની પરિશ્રમ યાત્રાની સફળતાનો શ્રેય ગુજરાતના સૌ નાગરીકોના ચરણે ધર્યો છે.

મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વની વર્તમાન રાજ્ય સરકારની જનસેવા યાત્રાના સુશાસનના સફળ ૧૨૧ દિવસ પૂર્ણ થવા અવસરે મુખ્યમંત્રીશ્રીએ ગાંધીનગરમાં સ્વર્ણિમ સંકુલમાં આયોજિત કાર્યક્રમમાં "સુશાસનના ૧૨૧ દિવસ" પુસ્તિકાનું લોન્ચિંગ કર્યું હતું.

મહેસુલ મંત્રી શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદી, શિક્ષણમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવ શ્રી કે. કૈલાસનાથન, મુખ્ય સચિવ શ્રી પંકજ કુમાર અને વરિષ્ઠ સચિવો તથા પ્રચાર માધ્યમોના પ્રતિનિધિઓ આ અવસરમાં સહભાગી થયા હતા.

મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ અને ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે કંડારેલી ગુડ ગવર્નન્સ- સુશાસનની કેડી પર ચાલતા તેમની નવી ટીમ ગુજરાતે સૌને સાથે રાખી, સૌ માટે, સૌ સંગાથે ચોતરફા વિકાસ માટેનો સંકલ્પ સાકાર કરવાની નેમ રાખી છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, સાફ નિયત અને નેક નીતિથી પરિશ્રમની પરાકાષ્ઠા સર્જીને પળ-પળ, ક્ષણ-ક્ષણ રાજ્યના ભલા માટે ખપાવી દેવાની તેમની ટીમની તત્પરતા છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, શાસન દાયિત્વ સંભાળ્યાના પહેલા જ દિવસથી તેમની સમગ્ર ટીમે લોકપ્રશ્નો —જન સમસ્યાઓને સરકાર સુધી પહોચાડવાના દરવાજા ખુલ્લા કરી દીધા છે.

તેમના નેતૃત્વની વર્તમાન સરકારે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈના દિશાદર્શનમાં ત્વરિત નિર્ણયો અને શ્રેણીબદ્ધ જનહિત કાર્યોથી ગુડ ગવર્નન્સની નવી પરિભાષા અંકિત કરી છે, એમ તેમણે દ્રઢતાપૂર્વક જણાવ્યું હતું.

શ્રી ભૂપેન્દ્ર પટેલે આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારતનો ધ્યેય સાકાર કરવાના મંત્ર સાથે કૃષિ, ઊદ્યોગ,સેવા,સમાજ કલ્યાણ સહિતના વિવિધ ક્ષેત્રોમાં ગુજરાતે ૧૨૧ દિવસ દરમ્યાન કરેલી ગતિ-પ્રગતિની વિશદ છણાવટ કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ રાજયમાં પ્રાકૃતિક ખેતી બે લાખ ખેડૂતોએ અપનાવી છે અને વનબંધુ ડાંગ જિલ્લો સંપૂર્ણ પ્રાકૃતિક ખેતિયુક્ત જિલ્લો બન્યો છે તેની ભૂમિકા આપી હતી.

તેમણે એમ પણ જાહેર કર્યું કે, રાજ્ય સરકાર પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધુ વિસ્તારવા રૂ. ૧૦૦ કરોડના ફંડીંગ સાથે આગામી દિવસોમાં ગ્રામ્ય કક્ષાએ ખેડૂત તાલીમ કાર્યક્રમો, કૃષિ શિબિર, ગુણવત્તા ચકાસણી લેબોરેટરી, માસ્ટર ટ્રેનર્સ વિગેરેની સુવિધા વિકસાવવાનું કાર્ય આયોજન હાથ ધરશે.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ દેશના હરેક ઘરને ટેપ વોટર- નળથી જળ પહોચાડવા 'નલ સે જલ'ની જે સંકલ્પના આપી છે તેમાં સંપૂર્ણ ગુજરાતને આગામી સપ્ટેમ્બર ૨૦૨૨ સુધીમાં આવરી લઈ ૧૦૦ ટકા નલ સે જલ યુક્ત રાજ્ય બનાવવાનો નિર્ધાર મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો.

શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના વધુ ૬ જિલાઓ ડાંગ, મોરબી, ગીર સોમનાથ, જુનાગઢ, જામનગર અને કચ્છને આગામી ૩૧મી જાન્યુઆરી ૨૦૨૨ સુધીમાં શત પ્રતિશત નલ સે જલ અન્વયે આવરી લેવામાં આવશે તેમ પણ ઉમેર્યું હતું. આ ૬ જિલ્લાઓ સાથે રાજ્યમાં કુલ ૧૩ જિલ્લા સંપૂર્ણ નલ સે જલ યુક્ત થશે તેમ તેમણે કહ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, કોરોનાનું સંકટ હોય કે કુદરતી આફતનો કહેર, પ્રજાની પડખે રહી તેને હૂંફ અને સધિયારો આપવાના સેવાધર્મથી તેમની ટીમ ગુજરાત સતત દિનરાત ખડેપગે રહી છે.

તેમણે રાજ્યમાં સૌરાષ્ટ્ર વિસ્તારમાં કમોસમી વરસાદથી ખેડૂતોને થયેલા નૂકશાન સામે બે તબક્કામાં ૧ હજારથી વધુ કરોડના સહાય પેકેજનો લાભ અસરગ્રસ્ત ૧૫૩૦ ગામના ૫.૦૬ લાખ ખેડૂતોને અપાયો છે તેની અને માછીમારો માટે ૨૬૫ લાખના સહાય પેકેજની પણ વિગતો આપી હતી.

મુખ્યમંત્રીશ્રીએ ૧૨૧ દિવસના જનહિતકારી શાસન દરમ્યાન લોકાભિમુખ વહિવટ અને લોકોના કામોનાં સરળીકરણના અનેકાનેક નિર્ણયો કર્યા છે, તેની પણ વિસ્તૃત વિગતો આપી હતી.

તેમણે આ અંગે જણાવ્યું કે, ગુજરાતે ગુડ ગવર્નન્સની સ્પર્ધામાં દેશના રાજ્યોમાં પ્રથમ ક્રમ મેળવ્યો છે. એટલું જ નહિ પૂર્વ વડાપ્રધાન શ્રી સ્વ. અટલ બિહારીજીના જન્મદિને સુશાસન સપ્તાહની ઉજવણી અન્વયે વિવિધલક્ષી વિકાસ કામોથી પ્રજાને લાભ આપવામાં પણ ગુજરાત અગ્રેસર રહ્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ પ્રજાલક્ષી લોકહિતના કરેલા નિર્ણયો-પગલાંઓની છણાવટ કરતાં ઉમેર્યું કે, ઓનલાઈન આર.ટી.આઈ. પોર્ટલ લોંચ કરીને જનતાના પ્રશ્નો પ્રતિ સજાગ વલણ અપનાવ્યું છે. મહેસૂલી સેવાઓનું સરળીકરણ કરીને ૩.૬૩ લાખ નાગરિકો માટે ï-જૈપ્નહથી મહેસૂલ રેકર્ડ ઉપલબ્ધ બનાવવામાં આવ્યું છે. નિયત સરકારી સેવાઓમાં એફિડેવિટમાંથી મુક્તિ આપી સેલ્ફ ડેકલેરેશન માન્ય રાખવાનો ઐતિહાસિક નિર્ણય કર્યો છે. ડિજીટલી પ્રમાણિત પ્રોપર્ટીકાર્ડ ઓનલાઈન નાગરિકોને આપવાનો નિર્ણય કર્યો છે. બિનખેતી હુકમોની મંજૂરી બાદ બાંધકામ અંગેની સમયમર્યાદા દૂર કરી છે. લેન્ડ રેવન્યૂ કોડની કલમ-૭૩એએની મંજૂરી પ્રક્રિયા ઓનલાઈન કરવામાં આવી છે. સરકારના વિભાગો વચ્ચે સંકલન માટે ઈ-સરકાર પોર્ટલનો પ્રારંભ. ઁસ્ત્નછ૩-સ્છ યોજનાના લાભાર્થીને તલાટી દ્વારા અપાતા આવકના પ્રમાણપત્રો ત્રણ વર્ષ સુધી માન્ય રાખવાનો મહત્વનો નિર્ણય તેમની સરકારે કરેલો છે.

શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં ૯ કરોડ ૪૬ લાખથી વધુ કોરોના વેક્સિન ડોઝનું રક્ષાકવચ નાગરિકોને આપવામાં આવ્યું છે તેની પણ વિગતો આપી હતી. પ્રતિ ૧૦ લાખ વ્યક્તિએ વેક્સિન ડોઝમાં ગુજરાત અગ્રેસર છે. રાજ્યમાં બિનચેપી રોગોની સારવાર-નિદાન માટેનું સ્ક્રિનિંગથી સારવાર સુધીનું મહાઅભિયાન હાથ ધર્યું છે તેમ પણ તેમણે જણાવ્યું હતું.

ગુજરાતમાં ૧ કરોડ જેટલાં ઁસ્ત્નછ૩-સ્છ કાર્ડ આપવા સાથે પ્રધાનમંત્રીશ્રીની ફ્લેગશીપ યોજનાઓનો લાભ લક્ષિત લાભાર્થીઓને પહોંચાડવા સમયબદ્ધ કાર્યઆયોજન રાજ્ય સરકારે કર્યું છે એમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ એવી સ્પષ્ટ નેમ વ્યક્ત કરી કે, તેમની નવી ટીમ ગુજરાત મીનીમમ ગવર્નમેન્ટ - મેક્સિમમ ગવર્નન્સના ધ્યેય સાથે જેનસેવાના પ્રબળ સંકલ્પ, અડગ આત્મવિશ્વાસ અને અતૂટ જુસ્સાથી કર્તવ્યરત રહેવા પ્રતિબદ્ધ છે.

# ડીસા તાલુકા પોલીસે ગણતરીના કલાકોમાં વધુ એક લૂંટના ગુનામાં સફળતા મેળવી ત્રણ શખ્સોને ઝડપ્યા



બનાસકાંઠા પાલનપુર

ડીસાના આખોલ પાસે આવેલ મહાકાળી મંદિર નજીક સ્વીફ્ટ કારના ચાલકને બે અજાણ્યા શખ્સોએ મોટર સાઇકલ પર આવી સ્વીફ્ટ કારના ચાલક સાથે ઝપાઝપી કરી સ્વીફ્ટ કારની લૂંટ ચલાવી ફરાર થઇ ગયા હતા.

આ અંગે ડીસા તાલુકા પોલીસ મથકે બે અજાણ્યા શખ્સો સામે ફરિયાદ નોંધાવતાં પોલીસે તપાસ હાથ ધરતાં જ ગણતરીના કલાકોમાં ડીસા તાલુકા પોલીસે ગુનાનો ભેદ ઉકેલી ત્રણ શખ્સોને ઝડપી પાડયા હતા.

આ અંગેની વિગત એવી છે કે, ડીસાના લીલાશાનગરમાં રહેતાં હરેશભાઇ ઉર્ફે હરેશશંકર પરમાનંદ ઉર્ફે પ્રેમાજી માળી વાહનનો લે-વેચનો વેપાર કરી પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે.

તેમને ૨૦૧૫ મોડલની એક સ્વીફ્ટ કાર નં. ય્ત્ન-૦૧-ઈन-૧૬૬૯ ની સ્વીફ્ટ કાર માલગઢ ગામના ડાયાભાઇ પ્રકાશજી માળી ડ્રાઇવર તરીકે નોકરી કરે છે. તે ગાયત્રી મંદિર નજીક કાર પાર્કીંગ રાખે છે અને કોઇ વર્ધી આવે તો સ્પેશિયલ વર્ધી મારે છે.

તા. ૧૧/૦૧/૨૦૨૨ ના રોજ રાત્રે ૮:૦૦ વાગ્યાના સુમારે સ્વીફ્ટ કારનો ડ્રાઇવર ડાયાભાઇ પ્રકાશભાઇ માળી સ્વીફ્ટ કાર લઇ ડીસાથી આખોલ ચાર રસ્તા પર જતાં મહાકાળી મંદિર નજીક આવેલ બમ્પ નજીક એક મોટર સાઇકલ પર બે અજાણ્યા શખ્સોએ સ્વીફ્ટ કારની આગળ આવી સ્વીફ્ટ કારને રોકાવી હતી. મોટર સાઇકલ પરથી એક અજાણ્યા શખ્સે સ્વીફ્ટ કાર નજીક આવી તેની સાથે ઝપાઝપી કરી સ્વીફ્ટ કારની લૂંટ ચલાવી ફરાર થઇ ગયો હતો. જે બાદ સ્વીફ્ટ કારનો ડ્રાઇવર ડાયાભાઇ પ્રકાશભાઇ માળીએ સમગ્ર ઘટનાની જાણ તાત્કાલીક ફોન દ્વારા હરેશભાઇ પ્રેમાજી માળીને જાણ કરતાં ઘટનાસ્થળે દોડી આવી સ્વીફ્ટ કારની તપાસ હાથ ધરતાં સ્વીફ્ટ કારની કોઇ જ ભાળ મળી ન હતી. આ અંગે ડીસા તાલુકા પોલીસ મથકે બે અજાણ્યા શખ્સો સામે સ્વીફ્ટ કાર કિંમત રૂ. ૩,૦૦,૦૦૦ ની લૂંટની ફરિયાદ નોંધાવી હતી. જ્યારે ડીસા તાલુકા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરતાં ગણતરીના કલાકોમાં જ તપાસ દરમિયાન લૂંટારાઓ જે ટોલ ટેક્સ પરથી સ્વીફ્ટ કારને લઇને ફરાર થઇ ગયા હતા.

જે ફાસ્ટ ટ્રેકના આધારે તપાસ કરતાં રવિવારે સમગ્ર લૂંટનો ભેદ ઉકેલી સ્વીફ્ટ કાર જપ્ત કરાઇ હતી. જયારે ત્રણ શખ્સોની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. જ્યારે પોલીસે ગોવિંદજી બચુસિંહ વાઘેલા (રહે. ઝેરડા, તા. ડીસા), કમલેશ બાબુલાલ વિશ્નોઇ અને મુકેશ પનારામ વિશ્નોઇ (ઢોલી નાળી) (રહે. ગુડામાલાણી, જી. બાડમેર) સામે કડક કાર્યવાહી કરાઇ હતી. આમ ડીસા તાલુકા પોલીસે છેલ્લા એક સપ્તાહમાં બે જેટલાં લૂંટના ભેદ ઉકેલવામાં સફળતા મેળવી છે.

અહેવાલ દીલીપ ગોહીલ,બનાસકાંઠા

# નરેન્દ્ર મોદી વિચાર મંચની મહિલા શાખાની મીટિંગ યોજાઇ




આજ રોજ કર્ણાવતી શહેર સર્કિટ હાઉસ, શાહીબાગ ખાતે નરેન્દ્ર મોદી વિચાર મંચ ની મહિલા શાખા ની મિટિંગ નું આયોજન થયું. મુખ્ય મેહમાન તરીકે શ્રી ચેહર ભાઈ દેસાઈ પ્રદેશ અધ્યક્ષ શ્રી, ગુજરાત નરેન્દ્ર મોદી વિચાર મંચ શ્રીમતિ મનીષા બેન રાવલ પ્રદેશ અધ્યક્ષ શ્રી, મહિલા શાખા, ગુજરાત નરેન્દ્ર મોદી વિચાર મંચ શ્રી સંજય ત્રિવેદી પ્રદેશ ઉ.પ્રમુખશ્રી,યુવા શાખા ગુજરાત નરેન્દ્ર મોદી વિચાર મંચ ઉપસ્થિત રહ્યા. કોરોના ના પ્રોટોકોલ જાળવી આ મિટિંગ મા સૌ મહિલા કાર્યકરો ને આવનારા પ્રોગ્રામ માટે અવગત કરવા મા આવ્યા, સરકાર તરફ થી મળતી યોજનાઓ વિશે માહિતી આપી સૌ મહિલાઓ ને અવગત કરવા મા આવ્યા.

સાથે સાથે દરેક મહિલાઓ ને સૂચન કરવા મા આવ્યું કે મંચ ના કાર્યકર તરીકે નરેન્દ્રભાઈ મોદી ના વિચારો સમગ્ર ગુજરાત મા પોહચે અને મંચ દ્વારા સૌ નાના, ગરીબ, અને છેવળા ના ના લોકો ને મદદ કરી શકાય તેવું પ્રસિક્ષણ આપવા મા આવ્યું. ચેહર ભાઈ દેસાઈ પ્રદેશ અધ્યક્ષ દ્વારા સૌ મહિલા કાર્યકરો ને આગામી કાર્યક્રમો ની માહિતી આપવા મા આવી.

મનીષા બેન રાવલ, મહિલા અધ્યક્ષ દ્વારા પણ મહિલા કાર્યકરો ને માર્ગદર્શન આપવા મા આવ્યું, તેમજ સમગ્ર ગુજરાત મા નરેન્દ્ર મોદી વિચાર મંચ નું વિસ્તરણ થાય એવી તાકીદ કરવા મા આવી.

સંજય ભાઈ ત્રિવેદી, ઉ. પ્રમુખશ્રી દ્વારા સૌ યુવાનો ને આહવાન કરવા મા આવ્યું કે સમગ્ર ગુજરાત મા મંચ ની યુવા પાંખ મા કાર્યકરો ની પૂર જોશ મા નિમણુંક કરવા મા આવશે. અને સમગ્ર ગુજરાત મા મંચ મા યુવાનો ને જોડવાનો પ્રોગ્રામ શરુ કરવા મા આવશે.

સંજયભાઈ ત્રિવેદી એ વધુ મા જણાવ્યું કે આગામી વિધાનસભા ની ચૂંટણી પેહલા ગુજરાત ના દરેક જિલ્લા મા ૫૦૦૦ હાજર થી વધુ યુવા કાર્યકરો ને જોડવા મા આવશે.

આમ આજના પ્રોગ્રામ મા સૌ મહિલા કાર્યકરો નો ઉત્સાહ જોવા લાયક હતો.

# પાટણ સહિત જિલ્લાભરમાં લોકોએ ઉત્તરાયણના પર્વની ધામધૂમપૂર્વક ઉજવણી કરી



પાટણ સહિત જિલ્લાભરમાં લોકોએ ઉત્તરાયણ અને વાસી ઉત્તરાયણ પર્વની પતંગ ચગાવીને મજા માણી હતી નાના બાળકોથી લઈ યુવાનોએ કાપ્યો છે... લપેટ જેવી ચિચકારીઓથી ઉત્તરાયણનું પર્વ ઉજવ્યું હત.પાટણ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ શંકરજી ઠાકોરે પાટણ ખાતે કોર્પોરેટર ભરતજી ઠાકોર ,ઉપ પ્રમુખ રામસિંહ જાડેજા , કેયુર પંચાલ સાથે મળી પતંગ મહોત્સવની મજા માણી હતી

સરસ્વતીના નાયતા ગામે ઉત્તરાયણ પર્વ નિમિત્તે ગામના પશુપાલકો દ્વારા ગામના ચોકમાં સુકા પુળા ગાયો માટે દાન કરવામાં આવ્યું હતું પાટણ શહેરમાં રાજમહારાજા પરિવાર મા દર વખતે ત્રણ પેઢીના સભ્યો એકસાથે પતંગ ઉડાવતાં હતાં પરંતુ હવે બે પેઢીના વડીલો દિવગંત થઈ જતા એકલા જ પતંગ ઉડાવ્યા હતા એક્સપરિમેન્ટલ હાઈસ્કૂલના આચાર્ય તેમજ રોટરી ક્લબ જેવી સેવાકીય સંસ્થાઓ સાથે સંકળાયેલા ધનરાજભાઈ ઠક્કરે પણ પરિવાર સાથે પતંગો ચગાવીને ઉત્તરાયણની મજા માણી હતી

# કચ્છના મૂંદ્રામાં સ્થપાશે ઇન્ટીગ્રેટેડ સ્ટિલ મિલ અને અન્ય સહયોગી પ્લાન્ટ

## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતીમાં ગુજરાત સરકારના ઉદ્યોગ વિભાગ અને POSCO-અદાણી કોલોબરેશન વચ્ચે ગાંધીનગરમાં MOU સંપન્ન થયા



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતીમાં ગુજરાત સરકારના ઉદ્યોગ વિભાગ અને POSCO-અદાણી કોલોબરેશન વચ્ચે ગાંધીનગરમાં થયેલા MOU અંતર્ગત કચ્છના મૂંદ્રામાં ઈન્ટીગ્રેટેડ સ્ટિલ મિલ અને અન્ય સહયોગી પ્લાન્ટની સ્થાપના થશે.

આ પ્લાન્ટ અંદાજે રૂપિયા ૩૭,૫૦૦ કરોડના સૂચિત રોકાણ સાથે આકાર પામશે તેમજ ૩૪૦૦ થી વધુ લોકોને ડાયરેક્ટ અને ઈનડાયરેક્ટ એમ્પ્લોયમેન્ટની તકો પૂરી પાડશે.

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૨ સંદર્ભે રાજયમાં વધુ રોકાણો પ્રેરિત કરવાના ઉદ્દેશ્ય સાથે રાજ્ય સરકાર અને POSCO-અદાણી વચ્ચે આ MOU થયા છે.

પાંચ મિલીયન ટન કેપેસિટીનો આ સૂચિત ઉત્પાદન પ્લાન્ટ ૨૦૨૬ સુધીમાં કાર્યરત થશે. એટલું જ નહિ, ગ્રીન એનર્જી સાથેનો આ સ્ટિલ પ્લાન્ટ બનશે

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતીમાં આ MOU પર ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી ડૉ. રાજીવકુમાર ગુપ્તા તથા અદાણી ગૃપના સી.ઇ.ઓ શ્રી કરણ અદાણીએ હસ્તાક્ષર કર્યા હતા.

આ વેળાએ POSC ઈન્ડીયાના સી.એમ.ડી, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કૈલાસનાથન તેમજ વરિષ્ઠ સચિવો પણ ઉપસ્થિત રહ્યા હતા.

સીએમપીઆરઓ / અરૂણ....

## પાટણના હારીજ નગરમાં

# શ્રી કૃષ્ણ ગૌશાળા દ્વારા શ્રીમદ ભાગવત કથા સાથે સંતવાણી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું




પાટણના હારીજ નગર માં શ્રી કૃષ્ણ ગૌશાળા દ્વારા શ્રીમદ ભાગવત કથા સાથે સંતવાણી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આજે સંતશ્રી ગુરૂ કાલિદાસ બાપુએ પોતાની તેજાબી વાણી માં હિન્દુ સનાતન ધર્મ વિશે જણાવ્યું અને જે દિવસે ગાય માતાને રાષ્ટ્રીય માતાનો દરજ્જો મળશે, તે દિવસથી દેશ પણ કોરોનાની તબાહી અને બીજા બધાજ સંકટો થી મુક્ત બનશે, ભારત વિશ્વમાં મહત્વ નું સ્થાન ધરાવતો દેશ બનશે. , વડા પ્રધાન નરેન્દ્ર મોદી ને હું મીડિયા દ્વારા કહેવા માંગુ છું કે ગૌમાતાને જલદી રાષ્ટ્રીય માતાનો દરજ્જો આપવામાં આવે. સંત શ્રી કાલિદાસ બાપુએ સૌએ એક થઈને હાલની હિંદુવાદી સરકારને વિનંતી કરી કે, ભારત માં રાષ્ટ્રમાતાનો દરજ્જો ગૌમાતા ને મળતાં જ ભારત 'સોનેકી ચિડિયા' તરીકે જોવા મળશે. હારીજ શહેરમાં આયોજિત કથા સાથે લોકડાયરા અને સંતવાણીનું આયોજન કરવામાં આવ્યું છે.

કાર્યક્રમ દરમિયાન શ્રી કૃષ્ણ ગૌશાળા પ્રમુખ લાલજી મહારાજ અને ઉપસ્થિત કાર્યકર્તાઓએ ગૌમાતાને રાષ્ટ્રમાતાનો દરજ્જો આપવાના નારા પણ લગાવ્યા હતા. તમને જણાવી દઈએ કે શ્રી કૃષ્ણ ગૌશાળા દ્વારા હારીજ શહેરમાં અબોલ મૂંગા પશુ-પક્ષીઓને ઘરે-ઘરે ફરીને રોટલા એકઠા કરીને સેવા આપે છે. સાથેજ હારીજ તાલુકામાં પશુ ચિકિત્સાનું સુંદર કામ કરે છે આજ ના પ્રસંગે સંત શ્રી કાલિદાસ બાપુ નું હારિજ પ્રેસ ક્લબ ના પ્રમુખ કનુભાઈ ઠાકર તેમજ મીડિયા કર્મીઓ દ્વારા સન્માન કરવામાં આવ્યું આ પ્રસંગે શ્રી કૃષ્ણ ગૌ સેવા મંડળ ના પ્રમુખ લાલજી મહારાજ દ્વારા પંથક ના કનુભાઈ ઠાકર,ખેંગરભાઈ યોગી, રાકેશ ગોસાઈ,અમિત દવે,મોન્ટુ પંડ્યા, દિનેશ ઠાકર, રતિલાલપટેલ, પ્રવીણયોગી, સંજય મિસ્ત્રી,રવી દરજી, નિખિલ જોશી,અજય મિસ્ત્રી,સહિત ઉપસ્થિત તમામ પત્રકાર મિત્રો નું ગૌમાતા ના મોમેંટ થી સ્વાગત કરવામાં આવ્યું હતું. રિપોર્ટર નીખીલ જોષી પાટણ

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.